બ્રહ્મદેશનો પ્રવાસ

દત્તાત્રેય બાળકૃષ્ણ કાલેલકર

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

આ લેખકનાં અન્ય પુસ્તકો

કાલેલકરના લેખો	૩—૦—૦
(અનેક વિષયો ચર્ચતા)	
જીવનવિકાસ	૨—૮—૦
(કેળવણીનાં અંગોની ચર્ચા)	
જીવનનો આનંદ	૧—૮—૦
(કલા અને કુદરતવિષયક લેખો)	
જીવનભારતી	૨—૮—૦
(સાહિત્યવિવેચન)	
જીવનસંસ્કૃતિ	૨—૮—૦
(સામાજિક અને સંસ્કૃતિવિષયક લેખો)	
હિમાલયનો પ્રવાસ	૧—૦—૦
(આર્ય સંસ્કૃતિનું રહસ્ય ચર્ચતો)	
સ્મરણયાત્રા	૧—૮—૦
(કિશોર અવસ્થાના રમૂજી અનુભવો)	
જીવતા તહેવારો	૦—૧૨—૦
(ધાર્મિક જીવનનું કાવ્ય)	
લોકમાતા	૦—૪—૦
(ભારતની નદીઓનું રસિક વર્ણન)	
ઓતરાતી દીવાલો	૦—૬—૦
(ટિપ્પણ સાથેની બીજી આવૃત્તિ)	

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

ब्रह्मदेशनो प्रवास

दत्तात्रेय बालकृष्ण कालेलकर

नवजीवन प्रकाशन मंदिर
अमदावाद

મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ

પ્રથમ આવૃત્તિ : પ્રત ૩,૦૦૦ સ૦ ૧૯૩૧
બીજી આવૃત્તિ : પ્રત ૨,૦૦૦ સ૦ ૧૯૪૦

ત્રણ આના   ડિસેમ્બર, ૧૯૪૦

विशेष विनंती

બારેક વરસ પહેલાં કરેલો આ પ્રવાસ એના પહેલાં કરેલા હિમાલયના પ્રવાસ કરતાં પણ સ્મરણમાં જૂનો અને ઝાંખો થઈ ગયો છે. હિમાલયની યાત્રામાં વિશિષ્ટ પવિત્ર ભાવનાઓની ઉત્કટતા હતી. બ્રહ્મદેશના પ્રવાસમાં તો સંસ્કારલોલુપ પ્રવાસીનું કુતૂહલ જ કેવળ હતું. વિસ્મૃતિની કરાલ દંષ્ટ્રામાંથી જેટલું બચી ગયું તેટલું અહીં આપી દીધું છે. એમાંયે વિગતોનો ક્યાંક છૂંદો થયો હશે. વખત જતાં એકાદ સવારની સાંજ પણ થઈ ગઈ હશે. છતાં બધું વર્ણન યથાર્થ જ છે એમ મારી ધારણા છે. મારે તો મુસાફરનું બયાન આપવું છે, કાલ્પનિક નવલવર્ણનો ઉપજાવવાં નથી.

બ્રહ્મદેશ ગુજરાતીઓ માટે પડોશના ઘર જેવું છે. કેટલાય ગુજરાતીઓની દર વરસે ત્યાં આવજા થાય છે. કેટલાંયે કુટુંબો ત્યાં જ સ્થાયી થઈને વસ્યાં છે. મારું આ બયાન વાંચી બ્રહ્મદેશનો ઇતિહાસ, ત્યાંની લોકસ્થિતિ અને દેશવર્ણન આપવા કોઈ પ્રેરાય અને પરિણામે મારું આ ટૂંકું બયાન વિસ્મૃતિમાં અલોપ થઈ જાય તો મને આનંદ થશે.

(માર્ચ, ૧૯૨૭)

૨

ગુજરાત, બંગાળ, તામિલનાડ અને આંધ્ર ચારે પ્રાંતના લોકો બ્રહ્મદેશમાં જાય છે. મહારાષ્ટ્રીઓ પણ થોડા ત્યાં છે. હિન્દુઓ પણ છે અને મુસલમાનો પણ છે. આપણે જ્યાં

જઈએ ત્યાં કેવળ પોતાનો જ ટૂંકો સ્વાર્થ ન જોઈએ. તે જ દેશના બાળકો સાથે ભળતાં આપણને આવડવું જોઈએ. બર્મી પ્રજાનો સ્વભાવ ગુલાબી છે. એવા પાડોશીઓને પોતાના કરવા એમાં ખરું જોતાં સ્વાર્થત્યાગ નથી પણ પોતાની ઉન્નતિ અને આનંદ છે. બ્રહ્મદેશમાં ગુજરાતીઓનું સ્થાન કાંઈક વિશેષ છે. બ્રહ્મદેશ હિંદુસ્તાનથી જુદો પડે કે સાથે રહે, ગુજરાતીઓ માટે ત્યાં સ્થાન છે જ. ત્યાં જઈ વસેલા ગુજરાતીઓએ બૌદ્ધધર્મનો સમભાવપૂર્વક અભ્યાસ કરવો જોઈએ. સમાજસેવકોએ ત્યાં જઈ હિંદી તેમ જ બર્મી બન્ને સમાજની સરખે ભાવે સેવા કરવી જોઈએ. હિંદુધર્મ, બૌદ્ધધર્મ અને ઇસ્લામ, ત્રણેનું જેણે સમાન ભાવે અને સમભાવે અધ્યયન કર્યું છે એવા સમાજશાસ્ત્રીઓએ અર્થનીતિ, વિવાહ-નીતિ, રાજ્યનીતિ ઇત્યાદિ દૃષ્ટિએ ત્યાંના સવાલોનો અભ્યાસ કરવો જોઈએ અને ગુજરાત આગળ જે ઉજ્જ્વળ ભવિષ્ય પથરાયેલું છે તેને યોગ્ય એવી સલાહ ત્યાંના ગુજરાતીઓને આપવી જોઈએ. ગુજરાત બહાર વસેલા ગુજરાતીઓના હાથમાં કેવળ એમનો પોતાનો જ ભાગ્યોદય નથી; ગુજરાતનો અને હિંદુસ્તાનનો ભાગ્યોદય પણ એમના હાથમાં કાંઈક અંશે છે. મોટું પદ પ્રાપ્ત થવાનું હોય છે ત્યારે હૈયું પણ મોટું કર્યે જ છૂટકો. કેવળ પેટ મોટું કર્યે ચાલે નહિ.

હિંદુસ્તાનના પહાડો ઊભાયે છે અને આડાયે છે. સહ્યાદ્રિ, પૂર્વઘાટ, અરવલ્લી અને કર્તાર ઊભા છે. હિમાલય, શિવાલિક, વિંધ્ય, સાતપૂડા અને મહાદેવના ડુંગર આડા છે. પહાડોની રચનાની સંસ્કૃતિ ઉપર ભારે અસર થાય છે. બ્રહ્મદેશના બધા જ પહાડો ઉત્તર દક્ષિણ છે. એની અસર

ત્યાંના જીવનક્રમ ઉપર કેવી થઈ છે એની તપાસ કરવાની શાસ્ત્રદૃષ્ટિ કેળવવાને મુસાફરોને ખાસ વિનંતી કરું છું.

૩

બ્રહ્મદેશનો પ્રવાસ મેં સને ૧૯૧૫માં કર્યો. એનું બયાન ૧૯૨૭ના માર્ચમાં લખી કાઢ્યું, અને એ છપાયું સને ૧૯૩૧ને અંતે. એ દિવસો દાંડીકૂચ પછીની અસ્વસ્થતાના હતા એટલે આ ચોપડીએ વાંચકોનું ધ્યાન ખેંચ્યું જ નહિ. હિમાલયના પ્રવાસના પ્રમાણમાં કંઈક ફીકા હોવાથી પણ લોકોને એ આકર્ષક ન લાગી હોય, અથવા હિમાલય જેમ ભારતીઓની ભક્તિનો વિષય છે તેમ બ્રહ્મદેશ ન હોવાથી લોકોને એને વિષે ઉત્કંઠા ન જણાઈ હોય. ૭૬ પાનાની આ ચોપડીની કિંમત નવજીવન પ્રકાશન મંદિરે બે જ આના રાખી એ બીના પણ એ ચોપડી વિરુદ્ધ ગઈ હોય. કારણ ગમે તે હો આની બીજી આવૃત્તિ નિકળતાં સુધી આઠ વરસ ગયાં એ વાત સાચી છે. આશા રાખું છું કે આ બીજી આવૃત્તિ તરફ વાંચકોનું ધ્યાન જશે, અને બ્રહ્મદેશ જતા આવતા અથવા ત્યાં જ વસતા સંસ્કારપ્રેમી ગુજરાતીઓ બ્રહ્મદેશ વિષે એકાદ સરસ ચોપડી લખી આની ત્રીજી આવૃત્તિ કાઢવાનો પ્રસંગ આવવા ન દે.

આમાંથી જે કંડિકાઓમાં મેં મારું હૃદય ઠાલવ્યું છે તેટલી જ અલગ કાઢીને 'જીવનના આનંદ'માં ઉમેરવાથી એ સચવાઈ રહેશે, પણ બ્રહ્મદેશ ઉપર ગુજરાતીમાં એક સારો સરખો જીવતો અને તૃપ્તિ આપતો ગ્રંથ જોઈએ જ.

વર્ધા

काका कालेलकर

તા. ૮-૧-'૪૦

અનુક્રમણિકા

૧

સમુદ્રની પીઠ પર

ગિરધારી તો સાવ કંટાળી ગયો હતો. શાન્તિનિકેતનમાં રજા પડવાથી બધા છોકરાઓ ઘેર ગયા હતા. 'આપણે એકલા એકલા કેટલા દિવસ સુધી રહીશું? દાદાને ન આવવું હોય તો ભલે ન આવે! આપણે આજે જ જઈએ.' એમ કહી કલાકે કલાકે મને પજવતો. આખરે મુઝફ્ફરપુરથી જીવતરામનો કાગળ આવ્યો કે, 'હું બારોબાર તમને કલકત્તે મળીશ.' અમે બોલપુરથી ઊપડ્યા. કલકત્તામાં ત્રણે ભેગા થયા, પણ ગિરધારી અમને કશું જોવા ન દે. એણે તો એક જ હઠ લીધી કે, આજે જ રંગૂન જવા ઊપડીએ. પણ ત્રણ દિવસની સમુદ્રની મુસાફરી, કંઈક તૈયારી તો કરવી જોઈએ. લીંબુ, આદુ, ફળ, રોટી, માખણ વગેરે બધું લીધું. તૂતક પર સગવડ રહે એટલા માટે મેં ખાસ મારે માટે એક આરામખુરશી લીધી.

હૂગલીને કિનારે દેશદેશાંતરનાં વહાણો લંગર નાખીને પડ્યાં હતાં. કેટલાક હજના ગરીબ યાત્રાળુઓ એક મોટા વાડાની અંદર ઢોરની પેઠે પુરાયા હતા, બિચારા ત્યાં જ રાંધીને ખાય અને ત્યાં જ સૂએ.

સાંજે ચાર વાગ્યાનો વખત હશે. અમારી આગબોટ ઊપડી. તડકો સૌમ્ય થયો હતો. મંદ મંદ પવન વાતો હતો. સૂરજના પાણી પરના ચાંદી જેવા ચળકાટમાં પીળાશ આવવા લાગી હતી. લાલ લાલ 'બોયા'ને ચૂકવીને આગબોટ આગળ ચાલી. બંને કિનારા પર જહાજો દેખાય, નાની નાની હોડીઓ દેખાય. સેંટ વિલિયમનો કિલ્લો અમે વટાવ્યો અને આગળ ચાલ્યા. કેટલીક ગોદીઓમાં નાનાં-મોટાં વહાણો બંધાતાં હતાં. બંને કાંઠાની જમીન પાણીની સપાટીથી બહુ ઊંચી ન હતી, તેથી બંને બાજુએ દૂર દૂર સુધી દેખાતું હતું. પણ દૃશ્ય કંઈ ચિત્તને ઠારે એવું ન હતું. આવી મોટી નદીઓ જ્યાં સમુદ્રને મળવા જાય છે ત્યાં કાંઠા બહુ ગંદા હોય છે. ભરતીઓટને લીધે ભીના થયેલા કાદવ વગર કશું દેખાતું જ નથી.

જેમ જેમ આગળ વધ્યા તેમ તેમ નદી પહોળી થવા લાગી. દૂરના કાંઠા પર જ્યારે ધોળી રેતી દેખાઈ ત્યારે મને કાંઈક ટાઢક વળી. સુંદર વનનો પ્રદેશ વટાવી, રાત પડે તે પહેલાં અમે ડાયમંડ હાર્બર પાસે આવી પહોંચ્યા. અમારું જહાજ હવે મોજાંઓ સાથે ડોલવા લાગ્યું. થોડોક વખત તૂતક પર ઊભા રહી અમે અલોપ થતો હિંદુસ્તાનનો કિનારો જોઈ લીધો. પણ પછી તો ફેર આવવા લાગ્યા. એટલે વાળુ કરી અમે સૂઈ ગયા. સૂતા પહેલાં પ્રાર્થનાને અંતે ગિરધારીએ 'આગુનેર પરશમણિ છોંવાવ પ્રાને' એ રવીન્દ્રનાથનું સુંદર પદ ગાયું. તે સાંભળવા કેટલાક લોકો ભેગા થયા. અને એ ગાયનને પ્રતાપે અમારી પથારીઓ સારી પેઠે ફેલાવતાં કોઈએ અમારી અદેખાઈ ન કરી.

સવારે સૌથી પહેલો હું જાગ્યો. એ વખતે અરુણોદય પણ થયો ન હતો. આકાશમાં ચંદ્રમા ચાલે તેમ જહાજ એકલું એકલું પાણી કાપતું ચાલતું હતું. શી તે વખતની શાંતિ! આગબોટના પેટમાં યંત્રરૂપી હૈયું જો એના ધબકારા ન સંભળાવત તો બહારની શાંતિ આટલી ઉઠાવદાર ન થાત. ચોમેર લોઢાનો કે સીસાનો ઠંડો રસ જાણે પાથર્યો હોય તેવો દરિયો દેખાતો હતો. હું તૂતકને કઠેડે જઈ ઊભો. જહાજ જેમ ડોલે તેમ પાણી ઉપર ચડે ને નીચે જાય. જ્યાં જુઓ ત્યાં મોજાં. મોજાં એકબીજા સાથે અથડાય એટલે એમાંથી ફીણ નીકળે. અંધારામાં એ ફીણ ચળકે છે, અને એ ચળકાટની વાંકીચૂકી લીટીઓ મળીને એક વિચિત્ર ભાત દેખાડે છે. જહાજના હાલવાની અસર મગજ પર થાય છે. તેમાં જો આપણે મોજાંના અખંડ અને સનાતન નૃત્યની લીલા નિહાળીએ તો તો એનો કેફ જ ચડે છે.

આગળ જતાં મોજાં ફૂટતાં બંધ થયાં. સાગરનું હૈયું ઠેકઠેકાણે ઊંચે ચડે ને નીચે ઊતરે. સામાન્યપણે મોજાં ચડે ને ફૂટે એ જોવાની મજા હોય છે, પણ એમાં એટલું ગાંભીર્ય નથી હોતું. ધ્વનિકાવ્યનું રહસ્ય શબ્દોમાં સ્પષ્ટ કરવાથી જેમ ઊતરી જાય છે તેના જેવું જ મોજાં ફૂટવાથી થાય છે. પણ જ્યારે મોજાં અંદર ને અંદર ઊછળે છે ને સમાઈ જાય છે ત્યારે એનું સૂચન વિવિધ, અનંત અને અસ્પષ્ટ રહે છે. અંધારું હોવા છતાં હવા જ્યારે સાફ હોય છે ત્યારે વ્યોમ અને સાગરનું મિલન ધ્યાન ખેંચ્યા વગર રહેતું નથી. ક્ષિતિજ આગળ મોજાંનો સવાલ નથી હોતો. સમુદ્રની કાળાશની સરખામણીમાં અંધારું આકાશ પણ ઊજળું દેખાય

છે. વેદકાળના ઋષિઓને જેમ જીવનરહસ્ય દેખાયું હશે તેવું ક્ષિતિજ રાત્રે દેખાય છે. ઋષિઓને અનંત કાળનાં આધ્યાત્મિક તત્ત્વો અનંત આકાશમાં ચળકતા તારાની પેઠે સ્પષ્ટ દેખાય છે, જ્યારે પાર્થિવ જીવનનો ભવિષ્યકાળ એમની આર્ષ દૃષ્ટિ આગળ પણ સાગરના વારિરાશિની પેઠે અજ્ઞાત, અવ્યક્ત જ રહે છે.

આમ ધ્યાન અને કલ્પનાની રમત ચાલતી હતી એટલામાં અરુણોદયે પૂર્વ દિશા નક્કી કરી આપી.

'આંધારેર ગાછે ગાછે પરશ તબ
સારા રાત ફોટાક તારા નબ નબ.'

એ શોભા ઓછી થવા લાગી. મેં જીવતરામને એ રાતું કાવ્ય જોવા ઉઠાડ્યા. એ ઊઠે એ પહેલાં જ ગિરધારી ઊઠ્યો, અને કહે, 'મને બતાવો, શું છે, મને બતાવો.' એને હું શું બતાવું? એ કંઈ પક્ષી કે જહાજ હતું કે એને આંગળી ચીંધીને હું બતાવું? મેં એને કહ્યું, 'પેલું લાલ આકાશ દેખાય છે તે જો, થોડી વારમાં ત્યાં સૂરજ ઊગશે.'

હવે દરિયાએ પોતાનો રંગ ફેરવ્યો. પૂર્વ તરફ જાણે લાલ જાંબુડા રંગનો ધોધ ચાલ્યો આવતો હતો. અને આશ્ચર્ય એ કે પશ્ચિમ તરફ પણ એ જ રંગનો પડઘો પડ્યો હતો. માત્ર પશ્ચિમ તરફ આકાશે જ એ રંગ વધારે ઝીલી લીધો હતો. પૂર્વની પ્રસન્નતા વધવા લાગી. લાલ રંગમાં ચળક ઉમેરાઈ. કુંકુમનું સિંદૂર બન્યું, અને સિંદૂરમાંથી સુવર્ણ જામ્યું. પશ્ચિમ કિનારાના આપણા સમુદ્રમાં થતા સૂર્યાસ્તની શોભા અનેક વાર જોઈ શકીએ છીએ, પણ સાગરમંથનમાંથી લક્ષ્મી નીકળી હોય તેવી ઉદયમાન ઉષાની વર્ધમાન શોભા જોવાનો આનંદ ઓર જ હોય છે.

આકાશ જેમ જેમ હસવા લાગ્યું તેમ તેમ સમુદ્રના મુખ પર આનંદહલબ્બાના શેરડા વધવા લાગ્યા. જાણે બે સમોવડિયા યુવાનો વચ્ચે વિનોદ ચાલતા હોય.

એક તરફ આ પ્રભાતનો વિકાસ જોવાને મન લલચાતું હતું. ત્યારે બીજી તરફ જહાજના ડોલવાથી માથામાં ફેર આવવાની શરૂઆત થતી હતી. એક ઘડી આ મોજાં થોભી જાય અને જહાજ સ્થિર થાય તો કેવું સારું, એમ મનમાં થયું. પણ સમુદ્રનાં મોજાં અને માણસના મનોરથ કોઈ કાળે થોભ્યાં છે ? કંટાળીને આરામખુરશી પર પડવાનો હું વિચાર કરતો હતો, એટલામાં બાલસૂર્યનો ઘુમ્મટ પાણીમાં નાહી બહાર નીકળ્યો. ઊગતા સૂર્યના બિંબ ઉપર એક વિશિષ્ટ તરલતા હોય છે : જાણે સૂર્ય ટાઢા પાણીમાંથી કાંપતો કાંપતો બહાર નીકળે છે. અને પાણીમાં જે પ્રકાશ વેરાયેલો હોય છે તે જાણે સૂર્યનો અંગરાગ ધોવાઈ ગયેલો છે. સૂર્યનું બિંબ પૂરેપૂરું બહાર નીકળતાં વેંત મેં મારી પ્રાર્થના કરી લીધી :

ध्येयः सदा सवितृमण्डलमध्यवर्ती
नारायणः सरसिजासनसंनिविष्टः ।
केयूरवान् मकरकुण्डलवान् किरीटी
हारी हिरण्मयवपुर् धृतशंखचक्रः ।।

જીવતરામથી આવી ગંભીરતા જરાયે સહન ન થાય. એ એકદમ બોલી ઊઠ્યા, 'બસ કરો, કેવી વાનરભાષા બોલો છો !' મેં એમને કહ્યું, 'તમે ભૂલો છો. આ તમારી ભાષા નથી, સંસ્કૃત છે.' વિનોદમાં ભક્તિના ઊભરાના ચૂરેચૂરા થઈ ગયા, અને અમે જહાજમાં રોજ રોજ જેમાંથી પસાર થવું

પડે છે ને ભયંકર દિવ્યની ચિંતા કરવા લાગ્યા. શૌચ જવા માટે તૂતક પરથી નીચે જવાનું હોય છે. નીચલો મજલો આમે હમેશાં ગંધાય છે; પણ સવારે તો એ મજલો નરકનો હરીફ બનેલો હોય છે. હવા ગંદી અને ખારી. ઠેકઠેકાણે લોકોએ ઊલટી કરેલી. એંજિનના વરાળમાંથી છૂટતી એક જાતની ગંધ અને ખલાસીના રસોડામાંથી એ જ વખતે શરૂ થયેલી ડુંગળી અને માછલાંની બદબો, એ બધાના મિશ્રણમાંથી પસાર થઈને શૌચકૂપમાં પ્રવેશ કરવો એના કરતાં દરિયામાં ભૂસકો મારવો એ મને ઓછું ત્રાસદાયક લાગે. હાથની વાત હોત તો અમે ત્રણ દિવસ શૌચ જવાનું જ માંડી વાળ્યું હોત. પણ—

જઈ તો આવ્યા, પણ અમારાં ત્રણેનાં મોઢાં એવાં તો થઈ ગયાં હતાં કે એકબીજા તરફ જોવાનુંયે મન ન થાય. કોઈ ટોળું કજિયો કરવા જાય ને સારી પેઠે માર ખાઈને આવે અને જેમ પોતાના સર્વસાધારણ અનુભવનો ઉલ્લેખ સરખો કોઈ ન કરે, તેમ અમે એ દિવ્યનું નામ સરખું ન લીધું.

મેં ગિરધારીને કહ્યું, 'ચાલ, ખાવા બેસ.' એ કહે, 'મને ભૂખ નથી.' જીવતરામે પણ ખાવાની ના પાડી. મેં કહ્યું, 'ભલા લોકો, તડકો વધશે એટલે ફેર આવવા માંડશે. પછી ખાવાની તમારી તાકાત શી? ઠંડો પહોર છે. ધરાઈને ખાઈ લો. તડકા પહેલાં બધું પચી જશે.' ગિરધારી પૂછે, 'કસરત કર્યા વગર એમ ને એમ પચી જશે?' મેં જવાબ વાળ્યો, 'આપણા બધાની વતી આ જહાજ કસરત કરી રહ્યું છે. એટલે તારે એની ચિંતા ન રાખવી.' ગિરધારી મારી વાત ન સમજ્યો. એ તો મારા મોઢા તરફ

જોઈ જ રહ્યો. અમે ત્રણે જણાએ ધરાઈને ખાધું. ત્રણેમાં જીવતરામ પાકા. તેમણે રસાળ ફળો જ ખાધાં. મેં મારી પસંદગી પ્રમાણે ખાઈ એના પર એક આખું લીંબુ ચૂસી લીધું. બિચારા ગિરધારીને ઉત્તમ કેળાંનો સ્વાદ લાગ્યો. એણે કેળાં જ ધરાઈને ખાધાં. એક બે કલાકની અંદર એ કેળાં ખાધાને સારુ એવો તો પસ્તાયો કે આખી મુસાફરીમાં એણે ફરી કેળાંનું નામ ન લીધું.

બપોર થયા. હું મારી નબળાઈ જાણતો હતો. મેં પથારી પાથરીને હાથપગ લાંબા કર્યા. હાથમાં બીજું લીંબુ લીધું અને આંખ મીંચીને સૂઈ ગયો. દૂરથી મદ્રાસ તરફનું જહાજ કલકત્તે જતું હશે, એને જોઈને લોકો બોલવા લાગ્યા, 'એ જહાજ દેખાય, એ જહાજ દેખાય.' એટલામાં બંને જહાજોએ ભોંઓં . . . કરીને એકબીજાને સલામ ભરી. પણ મેં તો આંખો મીંચીને કલ્પના દ્વારા જ એ દૃશ્ય જોઈ લીધું. ગિરધારીથી રહેવાયું નહિ. એ ચટ કૂદી ઊભો થયો. એ ઊભો થયો કે તરત જ એનાં કેળાંએ પેટમાં રહેવાની ના પાડી. એ ગભરાયો. મેં સૂતા સૂતા જ એને પાણી આપ્યું. સૂતા સૂતા જ આદુનો કકડો આપ્યો. જરાક શાંત પડ્યા પછી એ મારી પથારીમાં આવીને સૂતો. પણ એક વાર વલોવાયેલું પેટ કંઈ એકદમ શાંત થાય?

અમે તૂતક પર સૂતા હતા ત્યાંથી એક બાજુએ ઉપરની કેબિનમાં બે દેશી ખ્રિસ્તીઓ બેઠા હતા. એમાંથી એક જણને ઊલટી થવા લાગી. તે જોરજોરથી ઊલટી કરે તેમ તેમ બીજો એનો મિત્ર એની મશ્કરી કરે. 'વન હિગિન્સ ઊલટી કરોઇંગ' વગેરે વગેરે એના ઉદ્ગારો પેલાની ઊલટી કરતાં

પણ વધારે જોરથી ચાલવા લાગ્યા. ગિરધારી ઘડીકમાં હસવા જાય ને પાછો પસ્તાય.

જીવતરામને તો કશું થયું જ નહિ. એ જહાજમાં ફર્યા કરે, અને હાલકું મોઢું રાખી લોકોની મશ્કરી કરે. એક હિંદી બોલનાર વેપારી અમારે પડખે બેઠો હતો. એની સાથે એનું ફાવતું હતું. જીવતરામ એને પૂછે, 'અજી, આપકે કુત્તેકી કુછ તારીફ તો સુનાઈયે. દેખનેમેં તો જરાભી ખૂબસુરત નહીં હૈ. ઉસકી કુછ ખૂબી હોની ચાહિયે. કુછ સુનાઈયે તો સહી.' ત્યાંથી વહાણ બીજે ગયા. ત્યાં એક સિંધી વેપારી મળ્યો. પહેલાં તો જાણે પોતે સિંધી નથી એવો ડોળ કરી એને સિંધ વિષે વાતો પૂછવા લાગ્યા. પેલો માણસ કંઈક ચગ્યો એટલે જીવતરામે શુદ્ધ સિંધીમાં વાતો શરૂ કરી. પેલો ભાઈબંધ કહે, 'આજે જહાજ કંઈક વધારે ડોલે છે. થોડોક શરાબ પીધો હોય તો ઊલટી થવાની બીક ન રહે. હું હમેશાં એ જ ઇલાજ લઉં છું. તમારે જોઈતો હોય તો થોડોક આપું.' જીવતરામે શરાબ લેવાની તો ના પાડી, પણ કહે, 'મારી સાથે બીજો એક મિત્ર છે. તેને તમે પૂછી જોજો. કદાચ એ લે.' બિચારો ભાઈબંધ જીવતરામ જોડે મારી પાસે આવ્યો. મને જોતાં વેંત એની ખાતરી થઈ કે આ બ્રાહ્મણને પૂછીએ તો એનું હડહડતું અપમાન જ થાય. બિચારો શરમાયો અને બે વિવેકની વાતો કરી પાછો ગયો. પછી જીવતરામે મને પોતાના પરાક્રમની બધી વાતો કરી.

આમ કરતાં સાંજ પડી. સાંજે મારામાં ફરી જીવ આવ્યો. અમે ફરી થોડું ખાધું, પણ એ કોઈને માફક ન

આવ્યું. સાંજની શોભા મેં બેઠે બેઠે જ નિહાળી. લોકો કહે, ‘હવે આપણે કાળાપાણીમાં આવ્યા છીએ.’ અને સાચે જ પાણીનો રંગ બીક ઉપજાવે એવો કાળોમેંશ દેખાતો હતો. લોકો કહે, ‘હમણાં અંદામાન દેખાશે.’ કોઈ કહે, ‘ના, આપણું જહાજ બહુ દૂર છે. એ ટાપુ નહિ દેખાય.’

સંધ્યાની શોભા કંઈક જુદી જ હતી. સવારના રંગ અને સાંજના રંગ સરખા નથી હોતા. ઉદય અને અસ્ત સરખા હોય જ કેમ? ઉદય એ બાલ્યકાળ છે, જ્યારે અસ્ત એ વિજયી વીરના નિધાન જેવો હોય છે. ઉષાના મુખ પર મુગ્ધ હાસ્ય હોય છે, જ્યારે સંધ્યાની મુખમુદ્રા પર ક્ષણજીવી ઉલ્લાસ અને વિલાસ હોય છે. સમુદ્રના રંગ ફરી પલટાવા લાગ્યા. સૂરજ આથમ્યો અને તારાઓનું પારિજાત ફૂલવા લાગ્યું. જહાજના વીજળીના સૌમ્ય દીવા તો ક્યારના ચમકવા લાગ્યા હતા. મને આ દીવા નાનપણથી જ બહુ ગમે છે. એટલા સૌમ્ય કે નજીકની આસપાસનું બધું દેખાય, પણ દીવા આંખને આંજી ન નાખે. અંધારાને મારીને પોતાનું સામ્રાજ્ય હાંકવાની મહત્ત્વાકાંક્ષા એમનામાં નથી હોતી. અંધારા સાથે મીઠી માંડવાળ કરી, ‘તમે પણ રહો અને અમે પણ રહીએ’ એવું જીવનતત્ત્વ આ દીવાઓએ પસંદ કરેલું હોય છે. શહેરના વીજળીના દીવા નવાસવા અધ્યાપકની પેઠે પોતાનો બધો જ પ્રકાશ ઠાલવી દેવા માગે છે. આગબોટના દીવા યોગીઓની પેઠે आत्मन्येव च संतुष्टः હોય છે.

પથારીમાં પડ્યા પડ્યા અમે આ દીવાની વાતો કરતા હતા, એટલામાં અમારી આગબોટે ભોંઓં . . . નો રણકો શરૂ કર્યો. મેં જાણ્યું કે એણે ક્યાંક બીજી ભેંસ ભાળી છે. એટલામાં

દૂરથી સામો રણકો સંભળાયો. હું બેઠો થયો. મને રાતના સમુદ્રમાં જહાજ જોવાનું બહુ જ ગમે છે. વીજળીના દીવાની એક લાંબી હાર, અને ઊંચી ડોલકાઠી પર બે રાતા મોટા દીવા ભૂતની પેઠે જ્યારે અંધારામાંથી દોડે છે ત્યારે આપણે જાણે પરીઓની દુનિયામાં પ્રવેશ કર્યો હોય એમ જ મને લાગે છે. જહાજનો ખૂણો જેમ જેમ બદલાય તેમ તેમ સામેનું દૃશ્ય નવી નવી રીતે ખીલતું જાય છે; અને જહાજ જ્યારે દૂર જાય છે અને અલોપ થવાની અણી પર આવે છે ત્યારે તો ઊંઘને લીધે ચાલતી સ્મૃતિવિસ્મૃતિ વચ્ચેની લડત જેવું જ એ દૃશ્ય દેખાય છે.

આકાશના તારા જોતા જોતો હું સૂઈ ગયો. બીજે દિવસે સવારે વરસાદ પડવા લાગ્યો. જહાજના એક ખ્રિસ્તી કારકુને આવી અમને બધાને નીચે જવાનું કહ્યું. લોકો આનું કારણ ઝટ ન સમજી શક્યા. એણે કહ્યું, 'એક મોટો વંટોળિયો અગ્નિખૂણા તરફથી આ તરફ આવતો જણાયો છે.' આને સાઇક્લોન કહે છે. સાઇક્લોનમાં જહાજ સપડાય તો એ ભારે આફત જ ગણાય. ઘણાં વહાણો સાઇક્લોનથી ડૂબી ગયાં છે. પેલા કારકુને કહ્યું કે, 'આમ તૂતક પર બેસશો તો વખત છે વંટોળિયાથી ઊડી જશો.' લોકો બીકના માર્યા એક પછી એક નીચલા મજલામાં ભરાઈ ગયા. અમે નીચે જવાની સાફ ના પાડી. એણે અમને સમજાવવાના પ્રયત્ન કર્યો. અમે કહ્યું, 'વંટોળિયો આવશે તો આ મોટાં મોટાં દોરડાંને પકડીને પડ્યા રહીશું.'

'પણ વરસાદથી તમે ભીંજાઈ જશો.'

'ભીંજાઈ જઈશું તો સુકાઈ પણ જઈશું.'

અમારી જીદ જોઈ કારકુન ચાલ્યો ગયો. વરસાદ આવ્યો. સારી પેઠે આવ્યો. વંટોળિયાનો ઘેરાવો ત્રણચાર માઈલનો હોય છે. સદ્‌ભાગ્યે વંટોળિયો અમારા જહાજ સુધી ન આવ્યો. ધૂમકેતુની જેમ વંટોળિયાને ચારે બાજુ પૂંછડાં હોય છે. એવા એક પૂંછડાનો સપાટો અમારા જહાજને કંઈક વાગ્યો. અમે સારી પેઠે ભીંજાયા એટલે અમે ઉપલી કેબિનમાં જઈ બેઠા. પેલો પૂછવા આવશે ત્યારે જોઈ લઈશું એવો વિચાર કર્યો. કહે છે કે ભૂતનું નામ લઈએ એટલે એ હાજર થાય છે. એ ન્યાયે પેલો કારકુન હાજર તો થયો. મને થયું કે આપણે એને કહી દઈએ, 'કેબિનનું ભાડું આપીશું, પછી કંઈ તકરાર છે?' પણ કેબિનનું ભાડું કેટલું હશે એની કોને ખબર? એટલે હું તો મૂંઝવણમાં પડ્યો. જીવતરામને આવે પ્રસંગે જરૂર કંઈક સૂઝવાનું. એમણે પેલા કારકુનને મલકાતી આંખે કહ્યું, 'હમણાં જો તું અમને હેરાન નહિ કરે તો અમે તને ખુશ કરીશું.' પેલો લોભી ત્યાંથી ગયો. પણ બેચાર કલાકે અમારું દર્શન લેવા આવતો. ચોખ્ખેચોખ્ખું તો એ માગી ન શકે, અને જીવતરામ તો એને મીઠી મીઠી વાતો સંભળાવી કાઢી મૂકે. જ્યારે એ સ્પષ્ટ માગવાની અણી પર આવ્યો ત્યારે જીવતરામ કહે, 'હજી ક્યાં રંગૂન આવ્યું છે? અમને આ કેબિનનો પૂરેપૂરો લાભ આપશે કે નહિ?'

રંગૂનનું બંદર આવ્યું. જીવતરામ મને કહે, 'બંદર આવે એટલે જહાજના બધા અમલદારો અને કારકુનોને ખૂબ કામ હોય છે. એટલે પેલો કારકુન આપણને જ પકડીને બેસી નહિ શકે.' મેં કહ્યું, 'પણ તેં એને કબૂલ કર્યું છે એટલે

એને કંઈક આપ્યે જ છૂટકો.' જીવતરામ એકદમ ગંભીર થઈને બોલ્યા, 'લાંચ આપવાનું ખોટું કામ મારાથી થાય નહિ.' હું હસી પડ્યો. મેં એમને કહ્યું, 'ત્યારે ધર્માવતાર, આપે એને આશા કેમ બતાવી?' જીવતરામ કહે, 'માણસ એ જ લાગનો છે.' બંદર પર એ અમારા પર નજર રાખીને બરાબર વખતે અમારી પાસે આવી પહોંચ્યો. મને થયું કે હવે રકઝક જામશે. એ કલ્પનાથી જ હું અકળાયો. જીવતરામને આવા પ્રસંગોમાં બમણો રસ ચડે છે. એમણે એક ભલો કુલી જોઈ અમારો સામાન સૌ પહેલો બંદરના ધક્કા પર મોકલી દીધો. મેં કહ્યું, 'એ કુલી સામાન લઈને નાસી જાય તો?' જીવતરામ કહે, 'ગરીબ લોકોની આટલી હિંમત નથી હોતી. સામાન જાય તો ભલે જાય, પણ આને તો હું એક પાઈ નહિ આપું.'

અમે ધક્કા તરફ ચાલ્યા. પેલો ગરમ થઈને બબડવા લાગ્યો. અત્યાર સુધીના 'જેન્ટલમેન' અને મીઠા જીવતરામ એકાએક બદલાયા. પેલાને લાયક એવી જ ભાષામાં જીવતરામે એને એક નાનકડું વ્યાખ્યાન આપ્યું. જ્યારે એ રસ્તો રોકવા આવ્યો ત્યારે જીવતરામ કહે, 'ખસ અહીંથી, લાંચખાઉ ત્તા!' એને એક ધક્કો દઈ જીવતરામ અમારી પાછળ પાછળ આવી ગયા. પેલા કારકુને અમારા દેખતાં કલકત્તાથી રંગૂન સુધી એટલા બધા લોકો પાસેથી પૈસા કઢાવ્યા હતા કે જીવતરામનું આ વલણ મને યોગ્ય જ લાગ્યું; જોકે મારી પોતાની એમ કરવાની હિંમત ન ચાલત.

૨

રંગૂન

રબરના રસ્તાઓનું વર્ણન વાંચી આપણને જેટલું આશ્ચર્ય થાય છે તેટલું આશ્ચર્ય રબરના રસ્તાઓ જોઈ મને ન થયું. મુંબઈમાં કોલટારના રસ્તા જેણે જોયા છે તેને રબરના રસ્તાની નવાઈ ન લાગે.

નવાઈ ભલે ન લાગે, પણ એવા રસ્તાનો લાભ તો સ્પષ્ટ છે. રસ્તા પર ધૂળ ન ઊડે, કાદવ ન થાય અને ગાડીઘોડા ગમે તેટલા દોડતા હોય તોય અવાજથી કાન ન ફૂટે. આટલી સગવડ ખાતર શહેરનો માણસ ગમે તે આપવા તૈયાર થઈ જાય.

રંગૂનમાં રબરના રસ્તા છે એટલું સાંભળી આપણને કેમ આનંદ થતો હશે? આપણે કંઈ રંગૂનમાં રહેતા નથી. આપણે ભાગે તો પોળોના કાદવ ખૂંદવાનું જ છે. આપણને આનંદ થાય છે એનું કારણ એટલું જ કે, માણસજાતને રસ્તાની એક જાતની અગવડ દૂર કરવાનો રસ્તો સૂઝ્યો. શક્તિ વધે, દૃષ્ટિ ફેલાય, આવડત કેળવાય તો એનો આનંદ થવાનો જ. પણ રંગૂનના રસ્તા જોઈ મને આનંદ ન થયો. મને એમાં

ઉત્સાહ જરાયે ન આવ્યો. મનમાં પ્રથમ વિચાર એ આવ્યો કે મુંબઈ જેવા મહાનગરમાં રબરના રસ્તા કેમ નથી અને રંગૂનમાં કેમ છે? સામેથી દોડતી આવતી એક રિક્ષાએ એનો જવાબ આપ્યો. રંગૂનમાં રિક્ષાનો પ્રચાર ખૂબ છે. રિક્ષા એ ટ્રાયસિકલના જેવી પણ મોટાં બે પૈડાંવાળી અને એક જ માણસ બેસી શકે એવી ગાડી હોય છે, અને એને ઘોડા, બળદ કે ખચ્ચરને બદલે માણસ જોડેલો હોય છે. રિક્ષા ખેંચનારા દ્વિપાદો મોટે ભાગે આંધ્રદેશના તેલગુઓ હોય છે. ટ્રામના ઘોડાની પેઠે એમને માથે એક વિચિત્ર ટોપી હોય છે. આ રિક્ષાવાળાઓએ માંહોમાંહે હરીફાઈ કરી ભાડું એટલું ઓછું કરી નાખ્યું છે કે દેહ ધારણ કરવા માટે એમને આખો દિવસ રિક્ષા ખેંચતા દોડવું પડે છે. દોડતાં દોડતાં શક્તિપાત ન થાય એટલા માટે તેઓ ખૂબ શરાબ પીએ છે, અને સાંભળ્યા પ્રમાણે એ લોકોની આવરદા આવા જીવનથી ખૂબ ટૂંકી થઈ જાય છે. આવી રિક્ષા જોઈ કોનું મન પ્રસન્ન થાય? રિક્ષાઓની સગવડ ખાતર જ રબરના રસ્તા કરેલા હોવા જોઈએ એમ મેં અનુમાન બાંધ્યું.

ગિરધારી કહે, 'આપણે એક વાર રિક્ષામાં બેસીએ.' મને પણ એક વાર વિચાર તો આવ્યો કે એક જ વાર આ રિક્ષાનો અનુભવ લીધો હોય તો ઠીક. પણ મન શાનું માને? મેં ગિરધારીને કહ્યું કે, 'રિક્ષા એ માણસજાતને શરમરૂપ છે. આપણે આરામથી બેસીએ અને માણસ જેવો માણસ આપણને ખેંચીને દોડે એ શું સારું છે?' કેટલીક વાર તો રિક્ષામાં બે જણ પણ બેસે છે!

અમારે ડૉ. મહેતાને ત્યાં જવું હતું. એમનો બંગલો બહુ દૂર ન હોવાથી અમે પગપાળા ચાલ્યા. રસ્તામાં વિચાર આવ્યો કે માણસ માણસ પાસેથી આવી સેવા લે એ વધારે શરમભરેલું છે કે પશુઓ પાસેથી આવી સેવા લે એ વધારે શરમભરેલું છે? જુલમ જ કરવો હોય તો પોતીકાં ઉપર કરીએ એ વધારે સારું નહિ? કોક દિવસ તો હૃદય જાગૃત થાય અને પીગળે. માણસ અન્યાય વેઠતો હોય તો એ તકરાર કરી શકે છે, સામો થઈ શકે છે. પશુઓને તો બિચારાંને વાચા પણ નથી. બીજી રીતે જોતાં માણસને પશુ બનાવવામાં લાગણીનું ખૂન વધારે થાય છે એમ જણાયું. પોતીકાં પ્રત્યે જો માણસ આટલો નિર્દય અને બેશરમ થાય તો પરાયાં પ્રત્યે શાનો દયા કેળવવાનો હતો? દયાનો વિકાસ જ પોતીકાંથી શરૂ થઈ પરાયાં સુધી પહોંચવામાં છે. ગમે તે હો, પણ આ રિક્ષાની પદ્ધતિ મનને જરાયે ગમી નહિ. નાનપણથી જ મેના અને પાલખી ઊંચકનાર ભોઈઓનો પરસેવો જોઈ, એમને હદ ઉપરાંત હાંફતા જોઈ મને વસમું લાગતું. રિક્ષા એ એની અવધિ છે એમ જ લાગ્યું. ગોકર્ણ જતાં એક માણસના ખભા પર હું બેઠો હતો. ત્યારે તો હું બાળક હતો. અને આમ બેસવું એ મને વસમું નથી લાગતું.

અમે ડૉ. મહેતાને ત્યાં પહોંચી ગયા. એમને પહેલાં એક વાર મુંબઈમાં મળેલા એટલે પરિચય કરાવવાપણું રહ્યું ન હતું. અમારું સ્વાગત કરી તેઓ બગીચામાં જમીન ખોદવા ચાલતા થયા. રોજ ખોરાક ઉગાડવામાં પોતાનો કંઈક ફાળો આપવો જોઈએ એ તત્ત્વ તેઓ સ્વીકારતા હોવાથી બગીચામાં

નિયમિત કામ કરતા. જીવતરામ હળવેથી મને કહે, 'જુઓ, આ બૅરિસ્ટર, એમ. ડી. જરજવાહિર વેચી લખપતિ થયા છે. કલાક અર્ધો કલાક બગીચામાં એમની સાથે કામ કરી આપણે બધા શ્રમજીવી હોવાના દાવો કરીએ છીએ!'

તે દિવસે તો અમે થાકેલા હતા, એટલે અમે આરામ જ લીધો. ગિરધારી કહે, 'આ આખું ઘર કેમ ડોલે છે?' મેં એને સમજાવ્યું કે, 'ઘર ડોલતું નથી, પણ દરિયો અને જહાજ બંને આપણા મગજમાં ઘૂસી ગયાં છે!'

બીજે દિવસે અમે પણ બગીચામાં જઈ પાવડાકોદાળી ચલાવવા લાગ્યા. નાહવા માટે પાણી પણ બધા હાથે જ ખેંચતા. જમવા બેઠા ત્યાં મેં વેંત વેંત ઊંચાં લાકડાનાં સોગઠાં જોયાં. જમતી વખતે શાની રમત રમાય છે એનો ખ્યાલ મને ન આવ્યો. પછી જોઈ લીધું કે દરેક જણ પલાંઠી વાળીને જમવા બેસે ત્યારે ઢીંચણને એ સોગઠાંનો ટેકો આપે છે. મેં મનમાં કહ્યું, 'વાહ રે સગવડ! ભોજનયોગ ચાલતો હોય ત્યારે आसन मे मत डोल એ તત્ત્વ પળાવું જોઈએ ખરું!'

રંગૂનમાં જોવાલાયક તો ઘણું છે. પહેલવહેલી વસ્તુ મેં એ જોઈ કે રંગૂન એ બ્રહ્મદેશમાં હોવા છતાં બ્રહ્મી શહેર નથી. ગોરાઓ, ગુજરાતીઓ, મુસલમાનો, ચેટ્ટીઓ (મદ્રાસ તરફના લિંગાયત શાહુકારો), બંગાળીઓ અને સિંધીઓનું જ આ શહેર વસેલું છે. રંગૂનમાં બ્રહ્મી લોકો દેખાય છે ખરા, પણ તેઓ તો જાણે આ શહેર અમારું નથી એમ કહેવા માટે જ આવ્યા હોય એવા લાગે છે. ગાંધીજીએ એક વાર બ્રહ્મી લોકોને કહેલું કે, 'બ્રહ્મદેશ એ કંઈ હિંદુસ્તાનનો

ભાગ નથી,' ત્યારે એ મને રુચ્યું ન હતું. હિંદુસ્તાનના વિસ્તારમાં બ્રહ્મદેશ પણ સમાઈ જાય તો તે ઇચ્છવા જેવું છે એવી તે વખતની મારી માન્યતા હતી. બ્રહ્મદેશમાં આવ્યા પછી મારી ખાતરી થઈ ગઈ કે, માણસ તરીકે અથવા એશિયાવાસી તરીકે, અથવા વિશાળ અર્થમાં આર્યધર્મી તરીકે ભલે આપણે ભાઈ ભાઈ હોઈએ, પણ બ્રહ્મી લોકો કંઈ આપણા જેવા નથી. એમની ભાષા હિંદુસ્તાનની ભાષાઓથી સાવ જુદી, એમનો આહાર જુદો, એમની રહેણીકરણી જુદી, એમની સંસ્કૃતિ સ્વતંત્ર. અરે, એમની શરીરરચના પણ આપણાથી સાવ જુદી. એમની આંખો, એમનો વર્ણ, એમના ગાલ, એમનું મોઢું, અને એમની દાઢી અથવા દાઢીનો અભાવ, બધું જ આપણાથી જુદું. સામ્રાજ્યલોભથી જ આપણે બ્રહ્મદેશને હિંદુસ્તાનનો વિભાગ કહી શકીએ. સાચું જોતાં બ્રહ્મદેશ એ હિંદુસ્તાનનું અવયવ નથી પણ સ્વતંત્ર પડોશી છે.

બ્રહ્મી ચહેરો ઈશ્વરે જાણે હસવા માટે જ ખાસ બનાવ્યો હોય એવો લાગે છે. બ્રહ્મી લોકો આપણા કરતાં ઓછા દુઃખી હશે એમ તો મનાય જ નહિ. એમના પર પણ અંગ્રેજોનું રાજ્ય તો છે જ. પણ બ્રહ્મી માણસ હમેશાં ખુશમિજાજ દેખાય છે. પુરુષોનો અને સ્ત્રીઓનો પોશાક લગભગ સરખો. નીચે એક લુંગી અને ઉપર બદન. બંને રેશમનાં જ હોય. પુરુષોને માથે રેશમનો એક હાથરૂમાલ વીંટેલો હોય. એ રૂમાલથી માથું ઢાંકવાનો ઉદ્દેશ નથી હોતો. એ ફક્ત વિવેકને ખાતર હોય છે. મકાઈ દોડાનાં છોતરાંની અંદર તમાકુનાં પાંદડાં બાંધી તૈયાર કરેલી ચિરૂટો પીવાનો

બ્રહ્મી લોકોને ભારે શોખ હોય છે. એમની ચિરૂટ પણ નાનકડા દોડા જેવી જાડી અને ગોળ હોય છે. અને બ્રહ્મી લોકોનું મોઢું કંઈક નાનું હોવાથી એ ચિરૂટથી બંને હોઠ ભરાઈ જાય છે. ચિરૂટ પીવામાં સ્ત્રીપુરુષનો ભેદ નથી જણાતો.

અમે બજાર તરફ ફરવા ગયા ત્યાં જોયું કે બ્રહ્મી દુકાનોમાં તો એમની સ્ત્રીઓ જ બેઠેલી હોય છે. મેં સાંભળ્યું કે ત્યાં સ્ત્રીઓમાં પુરુષો જેટલો જ કેળવણીનો પ્રચાર પહેલેથી છે. સંભવ છે કે સ્ત્રીકેળવણીની બાબતમાં દુનિયાના તમામ બીજા દેશો કરતાં બ્રહ્મદેશ વધારે આગળ વધેલો હશે. સામાન્ય કેળવણીની બાબતમાં પણ કેળવાયેલા લોકોનું ત્યાંનું પ્રમાણ જોતાં હિંદુસ્તાન સાથે સરખામણી કરવાનું મન ન થાય. હાથીઘેટાં વચ્ચે કોણ સરખામણી કરવા જાય? આ બધું શ્રેય બ્રહ્મદેશના પુંગી લોકોને છે. સમાજને તો આ પુંગી સંન્યાસીઓને ફક્ત અન્નવસ્ત્ર જ આપવાં પડે છે. તેના બદલામાં પુંગીઓ ધાર્મિક અને વ્યાવહારિક કેળવણી આખા દેશને મફત આપે છે. બ્રહ્મદેશમાં મેં પુંગી લોકો ઘણા જોયા, પણ તેઓ આપણે ત્યાંના ભિક્ષુક બ્રાહ્મણ જેવા સ્વમાન ભૂલેલા લાગતા ન હતા. આપણે ત્યાં ભિક્ષુકો માગવા આવે એટલે એમની નફટાઈ જોઈ આપણને જ શરમ આવે છે. સવારે ઊઠીને પુંગીઓ વહોરવા નીકળે છે તે વખતનું દૃશ્ય જોવાલાયક હોય છે. બુદ્ધ ભગવાનનો સંઘ પિંડપાતને માટે નીકળતો હશે ત્યારે આવો જ દેખાતો હશે, એમ મનમાં આવ્યા વગર રહેતું નથી.

૩

શ્વેડેગૉન પૅગોડા

રંગૂનમાં શું શું જોવાલાયક છે એ અમે પહેલાં પૂછી લીધું. બુદ્ધ ભગવાનના દાંત પર બાંધેલો મોટો સ્તૂપ એ પુરાણી વસ્તુઓમાં રંગૂનનું મુખ્ય આકર્ષણ ગણાય.

બીજે કે ત્રીજે દિવસે સવારની ખોદવાની કસરત કરી અમે 'સ્થિરસુખ' આસન પર જમવા બેઠા, ત્યાં એક જાતનું ફણસ જેવું ગોળ ફળ કોક લઈ આવ્યું. એને દુરિયાન કહે છે. દુરિયાનનો સ્વાદ આપણા ફણસ કરતાં કંઈક ચડે એમ કહેવાય. પણ એની ગંધ આપણાથી સહન ન થાય. મેં એકબે પેશી મોઢામાં નાખી એટલાથી જ ધરાયો. એ પણ મુશ્કેલીએ ગળા નીચે ઊતરી હશે. બીજા બધા સુખેથી એ ખાતા હતા. એ ગંધની સૂગ મારી નાખવાનો પ્રયત્ન કરવો કે દુરિયાન ખાવાની ના પાડવી એની જ ગડમથલ મગજમાં ચાલી. આખરે નક્કી થયું કે આપણે અનુભવ લેવા ઊપડ્યા છીએ, અને આ ફળ કંઈ સડેલું નથી; એટલે એ પૂરું કરવામાં જ બહાદુરી છે. રંગૂનમાં જેટલા દિવસ રહ્યો તેટલા દિવસ દુરિયાન ગમાડવાનો પ્રયત્ન મારે કરવો પડતો. કોક દિવસ હું હારી જતો, અને કોક દિવસ દુરિયાન.

અમારા પુરાણા મિત્ર અણ્ણા અથવા હરિહરશર્મા અમને શ્વેડૅગોન પૅગોડા જોવા લઈ ગયા. બૌદ્ધ લોકોની શ્રદ્ધાભક્તિથી પણ નહિ, અને યુરોપિયન લોકોની નાગી કુતૂહલવૃત્તિથી પણ નહિ, પણ કંઈક સહૃભાવ અને આદરથી અમે એ પ્રાચીન સ્તૂપ જોવા ઊપડયા. આ સ્તૂપ એક ઊંચી ટેકરી પર આવેલો છે. ઉપર જવા માટે પગથિયાં બાંધેલાં છે. લાંબાં લાંબાં પગથિયાંથી કોઈ પણ સ્થાનનું ગાંભાર્ય વધે છે. થોડુંક વિષયાંતર કરી આવાં કેટલાંક જોયેલાં પગથિયાંનું અહીં શ્રાદ્ધ કરવાનું મન થાય છે. પૂના પાસે પર્વતી પર જવાનાં પગથિયાં રાજવંશી પણ પવિત્ર લાગે છે. દક્ષિણ કાનડામાં કાર્કલ પાસે ગોમટેશ્વરની ટેકરી પર ચડવાનાં પગથિયાં ગરીબ યાત્રાળુ જેવાં લાગે છે. નાગપુર પાસેના રામટેકનાં પગથિયાં એક તરફથી સરઘસના માર્ગ જેવાં લાગે છે, જ્યારે બીજી બાજુનાં પગથિયાં વીર્યવાન બ્રહ્મચારી માટે જ બાંધેલાં હોય એવો ખ્યાલ આવે છે. શેત્રુંજા પર્વતનાં પગથિયાંમાં તો કંઈ ઢંગધડા જ નથી. એ તો આપણાં છે જ. ગિરનારનાં પગથિયાં એ પહાડી રસ્તો છે. અચલગઢનાં પગથિયાં વિષે પણ એમ જ કહેવાય. કાશ્મીરમાં શંકરાચાર્યની ટેકરીનાં પગથિયાં ક્ષણે ક્ષણે થોભાને આસપાસની શોભા જોવા નોતરે છે. જ્યારે મંડાલે પાસેની ટેકરી પરનાં પગથિયાં તો જાણે વેપારના પ્રાચીન માર્ગો હોય એવો જ ખ્યાલ આપે છે. પણ એનું વર્ણન હવે પછી આવવું જોઈએ.*

---

* સિંહગઢનાં તેમ જ નંદીદુર્ગનાં પગથિયાં વિષે બીજે લખેલું છે જ.

પગથિયાં ચડતાં બ્રહ્મી દુકાનદાર સ્ત્રીઓ અમને મીણ-બત્તીઓ ખરીદવા આગ્રહ કરે. સુખડ જેવું એક લાકડું ઓરસિયા પર ઘસી એનો એક જાતનો લેપ મોઢે ચોપડી એ સ્ત્રીઓ પોતાના સૌંદર્યમાં ઉમેરો કરે છે. આર્ય સ્ત્રીઓ હળદર ચોપડીને સુવર્ણવર્ણ બતાવતી તેનું જ આ આધુનિક અનુકરણ હશે.

અમે ઉપર ગયા. ત્યાં દૂરથી જ મુખ્ય સ્તૂપના ઊંચા શિખર તરફ અમારું ધ્યાન ગયું. એ શિખરનો આકાર ચંપાની પુષ્પકળી જેવો છે. આજકાલ આપણાં ઘરમાંથી દીવીઓ નીકળી ન ગઈ હોત તો હું એ ધાતુગર્ભને દીપજ્યોતિની જોડે જ સરખાવત. જંગલમાં અસંખ્ય વાંસનાં અનેક જાળાં બાઝી જાય છે તેમ આ ટેકરી પર નાનામોટા સ્તૂપોની ભીડ બાઝી છે. સ્તૂપ બાંધવાથી બૌદ્ધ માણસને અનહદ પુણ્ય મળે છે, એટલે માણસ પોતાની શક્તિ પ્રમાણે જ્યાંત્યાં સ્તૂપો બાંધ્યે જ જાય છે. શેત્રુંજાનાં મંદિરો, કાશીના મહાદેવો, ગોવાનાં રોમન કૅથલિક ગિરજાઘરો અને બ્રહ્મદેશના સ્તૂપો ઘાસની પેઠે જ્યાંત્યાં ઊગે છે. મુખ્ય ધાતુગર્ભ (=દાગોબા=પૅગોડા)ની આસપાસ એનાં નાનાં મોટાં બચ્ચાં વીંટળાઈ વળ્યાં છે. જો એ વખતે આકાશમાં કાળાં વાદળો ફેલાયાં હોત તો ગોવર્ધન ઉપાડનાર શ્રીકૃષ્ણ અને એના બાળગોપાળની જ છબિ અહીં દેખાત.

આની આસપાસ બુદ્ધ ભગવાનની કેટલીયે મૂર્તિઓ ઠેકઠેકાણે ધ્યાન ધરે છે. જીવતરામ કહે, 'કાકા, આમાં એક પણ મૂર્તિનું મોઢું બ્રહ્મી ઢબનું નથી. બધી મૂર્તિઓ હિંદુસ્તાનના લોકો જેવી દેખાય છે! શું હિન્દુસ્તાનના

કારીગરોને આણીને આ બધી મૂર્તિઓ અહીં કરાવી હશે?' મેં કહ્યું, 'એમ જ હોવું જોઈએ. અથવા અહીંના કારીગરોએ હિન્દુસ્તાનમાંથી કેટલીક સારી મૂર્તિઓ આણી હશે અને પછી ધાર્મિક ચીવટથી એની જ પ્રતિકૃતિઓ અહીં ઘડી હશે. ધાર્મિક કળાની ચોકસાઈ અસાધારણ હોય છે. અમારાં યજ્ઞનાં પાત્રો અમુક જ લાકડાનાં અને અમુક જ આકારનાં હોવાં જોઈએ. આ નિયમે કરીને વેદકાળની કળાના નમૂના આજે પણ જોવાને મળે છે.'

આસપાસ ફરતાં જીવતરામની કલ્પના જ મને વધારે બંધબેસતી લાગી; કેમકે કેટલાંક મંદિરોનાં પહોળાં મોતિયાંમાં જાતજાતની પાનપત્તીઓ અને પ્રસંગો કોતરેલાં હતાં એમાં પણ ગાડાં, બળદ, ગાડામાં બેઠેલાં માણસો, એમની પાઘડીઓ, બધું જ હિંદી ઢબનું હતું. કેટલાંક મંદિરોનાં છાપરાં પર આપણે ત્યાં હોય છે તેવાં લોઢાનાં નાળવાળાં પતરાં બેસાડેલાં હતાં. પણ એ આપણે ત્યાંનાં છાપરાં જેવાં દળદરી નહોતાં દેખાતાં. છાપરાંના અનેક દિશામાં એટલા તો કકડા પાડેલા હોય છે કે લોઢાનાં પતરાં પણ મકાનની શોભામાં ઉમેરો જ કરે છે.

એક ખૂણે એક છાપરા તળે સંખ્યાબંધ શિલાઓ ઊભી કરેલી હતી; જાણે સિપાઈની પેઠે કવાયતમાં જ ઊભી રહી હોય. તપાસ કરતાં જણાયું કે એ શિલાઓ પર મહત્ત્વના ધર્મગ્રંથો કોતરેલા છે. બીજે ખૂણે એક મંદિરમાં એક મોટો ઘંટ ટિંગાડેલો હતો. 'ઓહોહોહો! કેવડો મોટો ઘંટ! આપણે બધા એની અંદર સમાઈ જઈશું.' ગિરધારી આનંદથી ઉદ્‌ગાર્યો.

પ્રદક્ષિણા પૂરી કરી અમે મુખ્ય શિખરની શોભા ફરી નિહાળવા લાગ્યા. અહીં લોકોમાં પૂજાના એક અંગ તરીકે સોનાના પાતળા વરખ સુંદર વતી મૂર્તિને ચોટાડવાના હોય છે. ઘેલો ભક્ત એ વરખ ક્યાં ચોટાડે એનો નિયમ નથી હોતો. એટલે કેટલીક વાર મૂર્તિઓ તો હોળીના તોફાનમાં સપડાયેલા ગરીબ ગામડિયા જેવી દેખાય છે. પેગોડાના શિખર (અથવા સ્તંભ કહો) ઉપર સોનાનો ઢોળ ચડાવેલો છે. તેથી ગમે ત્યાંથી જુઓ, એનો ચળકાટ આપણું ધ્યાન ખેંચ્યા વગર રહે નહિ. એ સ્તંભને ઊંચે છેડે નીચેથી નાનકડી દેખાતી એક છત્રી બેસાડી છે. અણ્ણાએ કહ્યું કે, 'એ છત્રી રત્નજડિત છે. આટલા લાખ કે કરોડ રૂપિયાનાં રત્નો એમાં વાપર્યાં છે.' એ રકમ કેટલી હતી એ તો હું ભૂલી ગયો છું. અને કલ્પના કરીને કંઈક રકમ મૂકું તો એમાં અતિશયોક્તિ દેખાય, અને છતાં સાચી રકમ કરતાં એ ઓછી હોય. એટલે એ પ્રયત્ન છોડી દેવો ઠીક છે.

શ્વેડેગૉન પેગોડા જોઈને મને ભૂતકાળનું કંઈક દર્શન થયું. ભદંત શોણ અને ઉત્તર એ બૌદ્ધ ભિક્ષુઓ જ્યારે પહેલવહેલા આ સુવર્ણદ્વીપમાં આવ્યા ત્યારે અહીંની દશા શી હશે? તથાગતનો દાંત અહીં સ્થાપતી વખતે એમના મનમાં ધર્મવિસ્તારનાં શાં શાં સ્વપ્નાં આવ્યાં હશે? પિશાચ જેવા ગણાતા અહીંના મૂળ વતનીઓને આ નવો ધર્મ સ્વીકારતાં કેટલો વખત લાગ્યો હશે? હિંદુસ્તાનના ધર્મોપદેશકો, હિંદુસ્તાનના રાજપુત્રો, વણિકપુત્રો અને કારીગરો જ્યારે અહીં આવ્યા ત્યારે કયા હેતુથી પ્રેરિત થયા હશે? નંદનવન જેવો આ સુંદર અને સમૃદ્ધ દેશ જોઈ હૅનિબૉલ કે સિકંદર

જેવી લોભી અને પાપી દૃષ્ટિ આ લોકોએ આ દેશ પર ફેલાવી હશે? કે અહીંના લોકોનું એમની દૃષ્ટિએ ધર્મ-વિહીન જીવન જોઈ એમને દયા છૂટી હશે? બ્રહ્મદેશમાં ફેલાયલો બૌદ્ધધર્મ જ એ સવાલનો જવાબ આપવા પૂરતો છે.

વ્યક્તિગત ગાયન અને વૃંદગાયન, ગૃહરચના અને નગરરચના, આખ્યાનક અને મહાપુરાણ, એક દિવસ અને આખું ઋતુચક્ર—એ બધાં વચ્ચે જેવો ફરક છે તેવો જ ફરક કલાકૃતિઓમાં પણ જોવા મળે છે. જયપુર અને બનારસ એ બે છેડા છે. બનારસમાં એક એક પ્રાસાદ અને મંદિર સુંદરતાની મૂર્તિ હોવા છતાં એ બધાંનો સમૂહ ઢંગધડા વગરનો છે. એમાંથી પણ વિચિત્રતાનો રસ આપણને મળે છે, અને ભક્તિને લીધે બધું જ પ્રિય લાગે છે, એ વાત જુદી. જયપુરની નગરરચના જોઈ એટલું તો સમાધાન થાય છે કે વિચારી અને સનાથ લોકોએ યોજનાપૂર્વક અહીં વસ્તી કરેલી છે. જયપુરની નગરરચના સામાજિક છે, જ્યારે બનારસની ટોળાની ભીડની છે. સ્વેડેગોન પેગોડાની કળા પણ આવી જ ટોળાશાહીની છે. એ વખતના લોકોના મુગ્ધ અને ધર્મપ્રિય જીવનમાં સહિષ્ણુતાની સંસ્કારી કળા હતી તેથી જ આ સ્તૂપોનો ખડકેલો ઢગલો વિશૃંખળ હોવા છતાં વિશ્રી નથી લાગતો.

અહીંથી પાછા ફરતાં એક ઝાડ તળે ગામડિયા બ્રહ્મી લોકોનો એક નાચ અમે જોયો. સ્વદેશમાં નાચ જોવા ઊભા રહેતાં આપણને શરમ આવે, પણ પરદેશમાં કુતૂહલવૃત્તિ પ્રબળ હોવાથી એ બધું યથાયોગ્ય જ લાગે છે. અધ્યયનવૃત્તિ

નીચે બાકી બધા ભાવ દબાઈ જાય છે. આગળ જતાં એક બ્રહ્મી પુસ્તકાલય આવ્યું. કોઈને પૂછ્યા વગર અમે અંદર ગયા. એક પુંગીએ અમને તાડપત્રની કેટલીક પોથીઓ બતાવી. ગ્રંથો બહુ જ કાળજીપૂર્વક રાખેલા હતા. તાડપત્ર ઉપર કોતરેલા ગોળ ગોળ લાલ અને સોનેરી અક્ષરો બહુ જ આકર્ષક લાગતા હતા. એ અક્ષર હતા તો સુંદર, પણ અમારે માટે પૂતળાં જેવા જ મૂક હતા. અમારી સાથે તેઓ બોલે જ નહિ. અમને જોઈ કદાચ તેઓ કહેતા હશે, 'આ બહેરા લોકો શું કામ અહીં આવ્યા છે?' અંગ્રેજી ચોપડી તો બધે સરખી હોય, પણ એમાં બાણભટ્ટની કાદંબરીના અંગ્રેજી ભાષાંતર તરફ મારું ખાસ ધ્યાન ગયું! સંસ્કારી પ્રૌઢ ભાષાનું એ જંગલ, અંગ્રેજીમાં ઉતારવું કેટલું કઠણ છે એનો અનુભવ કૉલેજમાં ભણતો ત્યારે થયેલો.

બીજે દિવસે અમારે એક મદ્રાસી ભાઈને ત્યાં જમવા જવાનું હતું. એમનું નામ તો ભૂલી ગયો છું, પણ એમનો પ્રેમ અને એમનું સ્વાદિષ્ટ રસમ્ ભુલાય એમ નથી. માણસ જાણે શ્રદ્ધાભક્તિની મૂર્તિ. રામકૃષ્ણ પરમહંસ અને વિવેકાનંદનાં વચનો વિષે એમની વેદતુલ્ય ભક્તિ હતી. મારો પણ એ જ દિશાનો અનુરાગ જોઈ તેઓ મને ભાઈની પેઠે ચાહવા લાગ્યા. અણ્ણા મારી સાથે અચૂક મરાઠીમાં બોલે. સ્વાભાવિક રીતે હું મરાઠીમાં જવાબ આપું. રામૈયાને થતું કે જાણે ભારે ઉજાણીમાં આપણે રહી ગયા. દરેક વાક્ય પછી પૂછે, 'તમે શું કહ્યું?' એટલે ફરી આખો સંવાદ અંગ્રેજીમાં ભજવવો પડતો. અણ્ણા પોતાની ટેવ છોડે નહિ, અને રામૈયાની જિજ્ઞાસા ઓસરે નહિ.

તે દિવસે રાત્રે મહારાષ્ટ્ર ક્લબ તરફથી અમને આમંત્રણ હતું. અમે બધા ગયા. ત્રણે વરસે મરાઠી ભાષા અને મહારાષ્ટ્રી ભોજનનો આકંઠ લાભ મળવાથી મારો અંતરાત્મા ખીલ્યો. લાંબા વખત સુધી અમે વાતો કરી.

આજકાલ મહારાષ્ટ્રીઓ જ્યાં જાય છે ત્યાં પોતાની એક ક્લબ અવશ્ય સ્થાપે છે. મહારાષ્ટ્રીઓ ઔપચારિક ગાંભીર્ય જાળવવાનો પ્રયત્ન તો ખૂબ કરે છે, પણ એ એમના હાડમાં જ નથી. સહેજ પરિચય થાય તે પહેલાં જ ઉપચારનું કવચ ખરી પડે છે અને પછી દિલ ખોલીને મનની વાત શરૂ થાય છે. ઉપચાર અને પોલિસી બંનેની હિમાયત તો મહારાષ્ટ્રીઓ જ કરે; પણ બેમાંથી એકે વસ્તુ એમના લોહીમાં નથી.

રંગૂનમાં ગુજરાતીઓ અને લિંગાયત ચેટ્ટીઓ વેપાર કરે છે. ચેટ્ટીઓની ધીરધાર જબરી. આંધ્રદેશના કોંગી લોકો રિક્ષા ચલાવે અને કુલીનું કામ કરે. બંગાળીઓ મોટા મોટા સરકારી હોદ્દા પર વિરાજેલા હોય. વકીલો અને ડૉક્ટરોમાં પણ બંગાળીઓ ખરા. મહારાષ્ટ્રીઓ મોટે ભાગે રેલવેમાં કામ કરે. જ્યારે પંજાબી શીખો લશ્કરમાં દેખાય. એ તે કાળની સ્થિતિ. આજે શું છે કોણ જાણે. મારી સ્મૃતિ પ્રમાણે ચોખાનો વેપાર મુસલમાનોના હાથમાં વધારે હતો. કેટલાક અંગ્રેજો અને મુસલમાનો બ્રહ્મી સ્ત્રીઓ સાથે પરણી બ્રહ્મદેશમાં જ વસ્યા છે એમ મેં સાંભળ્યું. ચીની અને જાપાની લોકો પણ ક્યાંક ક્યાંક દેખાતા.

૪

સરોવિહાર

હવે જોવાનું રહ્યું રંગૂન પાસેનું પ્રખ્યાત સરોવર. યુરોપનો આકાર જેમ વાંકોચૂંકો છે તેમ આ સરોવરનો પણ છે. એમાં કેટલાયે અખાતો, ભૂશિરો અને સંયોગીભૂમિઓ હશે. રંગૂન એ કોંકણના જ અક્ષાંશ પર આવેલું હોવાથી અને સમુદ્ર નજીક હોવાથી ત્યાંની હવા મને તો ખુશનુમા જ લાગી. જ્યાં જુઓ ત્યાં મોટાં મોટાં ઝાડ. સૃષ્ટિએ જાણે પોતાનો બધો જ વૈભવ બતાવવા બહાર કાઢ્યો હોય. વનશ્રી અને જલદેવતાનું જ્યારે મિલન થાય છે ત્યારે લક્ષ્મી ત્યાં વગર નોતરે આવે છે. અમે પાછલે પહોરે એ સરોવર પાસે જઈ પહોંચ્યા. કેટલોય વખત સરોવરને કાંઠે કાંઠે સહેલ કરી. દરેક ખૂણેથી સરોવરની શોભા જુદી દેખાય. કેટલાંક રૂપગર્વિત ઝાડો સરોવરના અરીસામાં પોતાનું દર્શન કરતાં હતાં.

ફરતાં ફરતાં અમારી ધીરજ ખૂટી. સરોવર તો નૌકાવિહારને માટે જ ઈશ્વરે સરજેલું છે. હબસી જોનને

બોલાવી એની હોડીમાં બેઠા, અને કશા ઉદ્દેશ વગર અનેક દિશાએ ફર્યા. વચમાં એક બેટ આવેલો હતો. એની મુલાકાત લીધા વગર પાછા કેમ ફરાય? બેટ પર એક સુંદર આરામગૃહ બાંધેલું હતું. એનાં પગથિયાંની બે દીવાલ પર સિમેંટથી બનાવેલા બે ભયંકર અજગર લાંબા થઈને પડ્યા હતા. હોડીમાં એક વાંક વળીએ એટલે એકાએક શ્વેડેગોન પૅગોડા પોતાના ઊંચા શિખરથી દર્શન દે. આગ્રાના કિલ્લામાંથી તાજમહાલ જોવાની જે મજા આવે છે તેવી જ મજા અહીં મળતી. વસ્તુની નજીક જઈએ એટલે એનું સૌંદર્ય પ્રગટ થાય છે, પણ એનું કાવ્ય તો દૂરથી જ ખીલે છે. આ નિયમ જાણવાથી જ શું ચાંદાસૂરજ અને નવલખ તારા આટલા દૂર જઈને વિચરતા હશે?

સાંજ પડી એટલે અમારે પરાણે પાછા આવવું પડ્યું. શકુંતલાની પેઠે સરોવરે અમને ફરી આવવાનું આમંત્રણ તો આપ્યું જ. એટલે બીજે દિવસે સવારે નાહવાનો કાર્યક્રમ કાઢી અમારી એક મોટી ટોળી ઊપડી. ત્યાં પહોંચ્યા પછી અમારી સાથેના લોકોએ કહ્યું કે, 'ગોરાઓની બોટિંગ ક્લબને લીધે આ સરોવરમાં નાહવાની મનાઈ છે.' તડકો થતાં કુમુદ બિડાઈ જાય તેમ મારો ઉત્સાહ બિડાઈ ગયો. આટલી મહેનત પછી રસપૂર્ણ સરોવરમાં તરવાના લહાવાથી વંચિત થવું કોને ગમે? પણ અમારી સાથેના ભાઈઓ થોડા જ સત્યાગ્રહી હતા? તેઓ છડેચોક કાયદાની સામે થવાને બદલે ચૂપચાપ કાયદો તોડવાનું વધારે પસંદ કરનારા. એમણે સરોવરમાં ક્યારનો એક એકાંત ખૂણો શોધી કાઢ્યો હતો જ્યાં ગોરાઓની હોડીઓ

પણ ન આવે અને દૃષ્ટિ પણ ન પહોંચે. એ સ્થાને પહોંચતાં મેં જોયું કે એની શોભા કંઈ બીજા ખૂણાઓ કરતાં ઓછી ન હતી. એકાંતમાં ચોરીથી નાહવાનો લાભ લેવામાં કંઈક જુદો જ રસ હતો. ગિરધારીને તરતાં આવડતું ન હતું, એનો શ્રીગણેશ પણ અહીં જ થયો. પાણીમાં તરતા રહેવાનો અનુભવ જ્યારે પહેલવહેલો મળે છે ત્યારે માણસને જે આનંદ થાય છે તેને ઉપમા આપવી હોય તો ઈંડું ફોડીને બહાર નીકળેલા પક્ષીના આનંદની જ આપી શકાય. ખૂબ તડકો નીકળ્યો તોયે ગિરધારી પાણી બહાર નીકળવાનું નામ ન લે. અર્ધો કલાક વધારે રહેવાને એ મને અંગ્રેજીમાં વીનવે; અને એ ન માનું એટલે બંગાળીમાં વિનંતી કરે. જાણે ભાષા બદલવાથી વિનંતીમાં વધારે જોર આવતું હોય. યયાતિને પણ જો જીવનનો લહાવો છોડવો પડ્યો તો અમારા તરવાના લહાવાનો અંત આવ્યો એમાં નવાઈ શી? થાકેલે પણ હળવે શરીરે અમે પાછા ફર્યા.

રસ્તામાં અનેનાસના બગીચા હતા. દૂર દૂર સુધી કાંટાળાં અનેનાસના ફુવારા જમીનમાંથી ઊડતા હતા. અનેનાસનો આવડો મોટો બગીચો કદી જોયેલો નહિ એટલે પેટમાં ભૂખ હોવા છતાં અને અનેનાસની પ્રાપ્તિની જરા પણ આશા ન હોવા છતાં અમે ત્યાં ઊભા રહ્યા.

૫

લેટાફાયા

બ્રહ્મદેશ એટલે ઉત્તરથી દક્ષિણ સુધી દોડતા પહાડો અને નદીઓની જોડીઓ. બંગાળી ઉપસાગરનો પૂર્વ છેડો તે બ્રહ્મદેશનો પશ્ચિમ કિનારો. ત્યાં પ્રથમ કુલાદન નદી આવે છે. પછી આવે છે આરાકાન યોમાની પર્વતમાળ. તે પછી સાર્થનામા ઐરાવતી વહે છે. ઐરાવતીના રક્ષણ માટે જ જાણે ઊભા હોય એવા આરાકાન યોમા અને પેગુ યોમા એ બે પહાડો બે બાજુએ દીવાલો જેવા ઊભા છે. આની પછી પણ નદી, પહાડ; નદી, પહાડ એમ ચાલ્યાં જ કરે છે. એમાં સિટ્રૌંગ નદી અને સાલ્વિન નદી બે મહત્ત્વની ગણાય.

અમારે આખો બ્રહ્મદેશ જોવો હતો. તેથી અમે પેગુ યોમા પહાડને અવળી પરકમ્મા કરવાનું નક્કી કર્યું. રંગૂનથી રેલવેમાં બેસી મંડાલે સુધી ગયા, અને ત્યાંથી સ્ટીમલોંચમાં બેસી પ્રોમ સુધી પાછા આવ્યા. બાકીના રસ્તા માટે ફરી રેલવેનું શરણ લેવું પડયું.

આ રસ્તે પહેલું સ્થાન આવ્યું તે પેગુ. અમારા આગ્રહથી એક બ્રહ્મી ગૃહસ્થને ત્યાં અમારી ઊતરવાની સગવડ કરવામાં આવી હતી. જમવાનું માત્ર અમારું અલગ હતું. પેગુમાં ખાસ જોવાલાયક તો બુદ્ધ ભગવાનની સિંહશય્યા * છે. શહેર બહાર ખંડેરો વચ્ચે આ ભવ્ય મનોહર મૂર્તિ સૂતેલી છે. આને જ લેટાફાયા કહે છે. લગભગ સાડા ત્રણસો ફૂટ લાંબા અને આડેક ફૂટ પહોળા ઓટલા પર એટલી લાંબી બુદ્ધ ભગવાનની મૂર્તિ વિરાજેલી છે. આજની સરકારે એના પર લોખંડી પતરાંનું એક છાપરું જડાવ્યું છે. આવડી મોટી મૂર્તિ દુનિયામાં બીજી હશે કે નહિ તે આપણે જાણતા નથી. પણ એની વિશાળતા એ જ એની વિશેષતા નથી. પ્રચંડ મૂર્તિઓ ઘણી વાર કંઢગી હોય છે. આ મૂર્તિમાં તો એનું અંગસૌષ્ઠવ અને મુખમુદ્રા પરનું માર્દવયુક્ત સ્મિત એ જ વિશેષ ધ્યાન ખેંચે છે. મૂર્તિના પગનાં તળિયાં નાના બાળકના પગ જેવા પાટલ રંગનાં છે.

દૂરથી જ મૂર્તિએ પોતાની મોહિની અમારા પર ફેંકી. અમારા પગ થંભી ગયા. અતિ આનંદ થાય એટલે એમાં ભાગ પડાવનાર કોઈ છે કે નહિ એ જોવાની ઇંતેજારી સહેજે જન્મે છે. મેં મૂર્તિ પરથી દૃષ્ટિ કાઢી મારા સાથીઓની મુદ્રા તરફ વાળી. મેં જોયું કે એમના મોઢા પર પણ પેલી મૂર્તિ જેવું જ પ્રસન્ન સ્મિત ફેલાયેલું છે.

* યોગી જમણા પડખા પર પગ તાણીને સૂઈ જાય અને કોણી જમીન પર રાખી જમણી હથેળી પર માથાનો ભાર રાખે અને ડાબો હાથ ડાબા પડખા અને સાથળ પર છોડેલો હોય ત્યારે એ આસનને સિંહશય્યા કહે છે.

એ વળી નવો આનંદ. પછી અમે પાસે ગયા. ત્યાં મૂર્તિના માથા તળે એક ગોળ ઓશીકું ચળકતું હતું. એમાં ઝાઝી શોભા ન હતી. પણ મૂર્તિની ગરદન તળેના પોલાણમાં પક્ષીઓએ માળો બાંધ્યો હતો એનું કાવ્ય જરૂર ચેતોહારી હતું. એ માળાને લીધે બુદ્ધ ભગવાનનો વિશ્વવ્યાપી પ્રેમ અને સત્ત્વાનુકંપા વિશેષે કરીને પ્રગટ થતાં હતાં. આજે તો એ મૂર્તિ કુતૂહલનો જ વિષય થઈ પડી છે. જે વખતે આ પ્રદેશમાં બૌદ્ધધર્મ પ્રજ્વલિત હતો તે વખતે કોણ જાણે કેટલાય સાધકોએ આ મૂર્તિ પર ધ્યાન ધરી સમાધિનો લાભ મેળવ્યો હશે. યોગશાસ્ત્ર કહે છે કે સિંહશય્યા વીર્યરક્ષણ અને અલ્પ નિદ્રાને માટે વિશેષ અનુકૂળ છે. અર્ધી રાત એક પડખું અને બાકીની રાત બીજું પડખું. માત્ર ડોક પરની તાણ સહન કરવાની તાકાત હોવી જોઈએ.

મુસાફર કોક કોક વાર, કવિતામાં વ્યાકરણ શોધવા જેટલો જ અરસિક બને છે. મૂર્તિ કેટલી લાંબીપહોળી હશે એનો અંદાજ કર્યા પછી અમે વિચાર કરવા લાગ્યા કે એ શાની બનાવેલી હશે? પથ્થરની કે માટીની? થોડીક ચર્ચા પછી અમે નિર્ણય કર્યો કે આખી મૂર્તિ ઈંટોની બનાવેલી છે અને એના પર ધોળા સિમેંટની છો કરેલી છે. આથી તો એના શિલ્પીની સર્જનશક્તિ વિષે વધારે માન ઊપજ્યું. અવયવોનાં પ્રમાણ, એનો ઘાટ અને મુખમુદ્રા એ બધું એણે કઈ રીતે સાધ્યું હશે એની કલ્પનામાં અમે ગરકાવ થઈ ગયા. અમેરિકામાં સ્વતંત્રતાદેવીની ઊંચી મૂર્તિ કાંસાની બનાવેલી છે, તેના અવયવો પણ પ્રમાણબદ્ધ હોવાની ખ્યાતિ છે. એના શિલ્પીએ પ્રથમ એક નાની રૂપાળી મૂર્તિ બનાવી, અને

પછી એના અવયવોનાં પ્રમાણ ત્રિરાશિથી વધારી મોટી મૂર્તિ તૈયાર કરી એમ કહેવાય છે. હોટાકાયાના શિલ્પીએ કેવું ગણિત કર્યું હશે?

અમારું નીરસ ગણિત ઝાઝું ચાલ્યું નહિ. મૂર્તિની શાંતિ જ ફરી હૃદયમાં વ્યાપી ગઈ. પાછા જતાં પણ અનેક વાર પાછા વળી વળીને એ શાંતિરાજનું દર્શન કરવાનું મન થયું.

ઘેર આવ્યા પછી અમારા ગૃહપતિ જોડે વાતો થઈ. 'તડાગત બુડા'ના ધમ્મ વિષે એણે કેટલીક વાતો કહી. હાલના બ્રહ્મીઓના ધર્મવિમુખતા વિષે ખરખરો કર્યો. મેં એમને કહ્યું, 'ત્રિપિટકનું મહાશાસ્ત્ર તમને જે દેશમાંથી મળ્યું છે તે દેશની લિપિમાં એ આજે ઉપલબ્ધ નથી એ કેટલા દુઃખની વાત છે! તમે લોકો ગોરાઓની રોમન લિપિમાં પાલિ ગ્રંથો છપાવવામાં મદદ કરો છો. એ જ ગ્રંથો જો તમે દેવનાગરીમાં છપાવો તો બુદ્ધ ભગવાનના દેશવાસીઓ એ પ્રાચીન અનુશાસનમાં ફરી રસ લેતા થશે.' એણે કહ્યું, 'પણ એ કામ તમારું જ છે. અમારી પાસેથી મદદ ન મળે એમ નથી. પણ અમે એ પાર ન પાડી શકીએ.' આગળ જતાં એણે કહ્યું, 'હિન્દુસ્તાન પ્રત્યે અમને અમર્યાદ આદર છે. અમારી એ ધર્મભૂમિ છે. દર વરસે સંખ્યાબંધ બ્રહ્મી લોકો ત્યાં યાત્રાએ જાય છે. પણ દુઃખની સાથે કહેવું પડે છે કે તમારા દેશમાં આતિથ્ય જ નથી.'

મારા દેશ વિષે આવી ટીકા સાંભળવાને હું તૈયાર નહોતો. હું તો આભો જ બની ગયો. આતિથ્યધન ભારતવર્ષ વિષે આવી ટીકા! મારી લાગણી દબાવી મેં એને હળવે અવાજે

કહ્યું, 'તમારું કહેવું જરા વધારે સ્પષ્ટ કરો તો ઠીક. અમે માનીએ છીએ કે આતિથ્ય એ અમારા દેશનો ખાસ ગુણ છે. એને માટે અમે કંઈક મગરૂર પણ છીએ.'

અમારો ગૃહપતિ સંસ્કારી માણસ હતો. એણે જરાયે ચિડાયા વગર, પણ દુઃખિત અવાજે કહ્યું, 'અમારો અનુભવ જુદો છે. તમારામાં અંદર અંદર આતિથ્ય ખૂબ હશે, એની હું ના નથી પાડતો. પણ પરદેશના લોકો પ્રત્યે તમે સાવ — હું તોછડા નહિ કહું પણ — ઉદાસીન હો છો. તમારે ત્યાં પાણી માગવા જઈએ તોયે તમે પ્યાલો ન આપો. રસ્તા પર માણસને બેસાડી ખોબે પાણી પીવાનું કહો એને શું નામ અપાય?'

હવે હું સમજ્યો. આભડછેટની, સ્વચ્છતાની અને પવિત્રતાની વિચિત્ર કલ્પનાને લીધે પારકા લોકોને આપણે કેટલા દૂભવીએ છીએ એનો આપણને ખ્યાલ ક્યાંથી આવે? મારા જોડા તળે કોઈનો અંગૂઠો કચરાય તો એનું દુઃખ હું થોડો જ જાણી શકવાનો હતો? ઘરના અંત્યજો પ્રત્યે આપણે કેવી રીતે વર્તીએ છીએ એનો જ વિચાર બસ છે. મુસલમાનો, પારસીઓ, ખ્રિસ્તીઓ આપણી જોડે ભળતા નથી એમાં અમુક અંશે આપણે પોતે જવાબદાર છીએ એ ભૂલવું ન જોઈએ.

વિશ્વબંધુત્વનો આર્ય આદર્શ દુનિયા આગળ રજૂ કરનાર બુદ્ધ ભગવાનના દેશના લોકો આંતરરાષ્ટ્રીય વિવેક ક્યારે કેળવશે?

૬

બૌદ્ધ ટેકરી

પેગુથી મંડાલે ઠીક લાંબી મુસાફરી ગણાય. રસ્તામાં ઉદ્યોગી ખેડૂતોને ડાંગરનાં ખેતરોમાં કામ કરતા જોઈ મને મારા નાનપણના દિવસો યાદ આવ્યા. હું પણ આ જ રીતે કામ કરતો હતો. પણ તે હોંશની ખાતર. આ લોકો પોતાને અને જગતને આજીવિકા પૂરી પાડવા ખાતર બારે માસ કાયાને કષ્ટતા હતા. કોક કોક ઠેકાણે દૂર ચળકતો એકાદ નાનકડો સ્તૂપ દેખાતો. કોઈ પણ દેશમાં ત્યાંની ખેતી અને ત્યાંનાં મંદિરો મને વધારેમાં વધારે કાવ્યમય અને પવિત્ર લાગ્યાં છે. એ મળીને પ્રજાનું જીવન સંપૂર્ણ થાય છે એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી. અને બ્રહ્મી મંદિરો એટલે નિશાળો પણ ખરી જ. અન્ન, જ્ઞાન અને સમાધાન એમાં માનવી જીવન કૃતાર્થ ન થાય તો તે વિકૃત જ ગણવું જોઈએ. રેલવેની મુસાફરીમાં આપણે આંખો ફાડીને દૂર સુધી જોઈએ તોપણ જોયેલું કશું ધ્યાનમાં રહેતું નથી. રેલવેનો વેગ માણસને ભાવતો ભલે હોય, પણ સદતો તો નથી જ.

મંડાલે સ્ટેશન પર મારું ધ્યાન પહેલવહેલું સ્ટેશન પરના સ્ટેશનના નામના ધોળા પાટિયા પર ગયું, કેમકે ત્યાં દેવનાગરી અક્ષરોમાં मन्दले લખેલું હતું. સ્વદેશમાં નિત્યના વપરાશના સિક્કા ઉપર પણ જે લિપિ જોવા નથી મળતી તે આ પરદેશમાં રેલવેના પાટિયા પર જોઈ આશ્ચર્ય અને આનંદ કેમ ન થાય? હિન્દુસ્તાનના સંખ્યાબંધ લોકો અહીં આવતા હોવાથી જ રેલવેને દેવનાગરીમાં નામ લખવું પડયું હશે.

શહેરમાં અમે એક ગુજરાતી ઝવેરીને ત્યાં ઊતર્યા. ગૃહપતિ બહુ માયાળુ અને વિવેકી સજ્જન હતા. અમારામાં યાત્રીસહજ અધીરાઈ હતી. જેટલું જોવાલાયક હોય તે બધું એકસામટું ગળી જઈએ અને આગળ દોડીએ. મુસાફરને થાય છે કે પૃથ્વી ચોવીસ કલાકમાં ૨૫ હજાર માઇલ તો પોતાની ધરીની આસપાસ દોડે છે અને અંતરિક્ષમાં દર સેકંડે ૩૦ કીલોમિટર દોડે છે, ત્યારે આપણે પૃથ્વીનિવાસી એનું કંઈક તો અનુકરણ કરીએ. અમારા ગૃહપતિને થતું કે હજુ હમણાં તો મહેમાનો આવ્યા છે, એમની કંઈક સરભરા કરીશું, વાતો કરીશું; જોવાની વસ્તુઓ તો અહીં પડી જ છે, ગમે ત્યારે જોવાશે; એની ઉતાવળ શા વાસ્તે? આપણે શાકાહારી લોકો વનસ્પતિના સંબંધને લીધે અન્ય લોકો કરતાં વધારે સ્થાવર છીએ કે શું કોણ જાણે, પણ આપણી દુનિયા દોડતી જ નથી.

મંડાલેમાં ખાસ જોવાલાયક ત્યાંની બૌદ્ધ ટેકરી અને થીબા રાજાનો કિલ્લો. પ્રથમ અમે ટેકરી જોવા ગયા. ટેકરીની તળેટીમાં જ સુંદર ઇમારતો અને મૂર્તિઓ છે. એ

જોઈને અમે ઉપર ચડયા. ટેકરી ખાસી ઊંચી છે. એનો વિસ્તાર પણ ખૂબ છે. બૌદ્ધ સાધુઓએ આખી ટેકરી અનેક રીતે સુશોભિત કરેલી છે. થોડુંક ચડીએ એટલે એકાદ મંડપ દેખાય. ફરી ચડીએ એટલે સ્વર્ગ અને નરકનાં ચિત્રો આવે. (શેત્રુંજા પર પણ એવાં ચિત્રો જોવા મળે છે.) ફરી ઉપર જઈએ એટલે બુદ્ધની કે બોધિસત્ત્વની પવિત્ર મૂર્તિ આપણું માથું નીચું નમાવે. અડધેક ગયા હઈશું ત્યાં તો બોધિસત્ત્વની એક અખંડદંડાયમાન ઊંચી મૂર્તિએ અમારાં માથાં પણ ઊંચાં કર્યાં. મૂર્તિએ પોતાનો હાથ સીધો લાંબો કર્યો હતો, જાણે દૂર ક્ષિતિજ તરફ આપણને કંઈક બતાવતી ન હોય! કારીગરોને આવી મૂર્તિઓ ઘડવાનું શી રીતે સ્ફુરતું હશે? આ મૂર્તિમાં અસાધારણ વ્યક્તિત્વ મેં જોયું. પોતાનું મૌનવ્રત ભાંગશે તો એ હમણાં મેઘગિરાથી કંઈક સંદેશો સંભળાવશે એમ લાગતું હતું.

એથીયે ઉપર ગયા. ત્યાં તો ઠેકાણે ઠેકાણે બૌદ્ધ મઠો હતા. વિદ્યાર્થીઓ અધ્યયન કરતા હતા. ટેકરીના આરોહણમાં प्रतिपर्वं रसावहम् એવો અનુભવ થતો હોવાથી જેમ જેમ આગળ ગયા તેમ તેમ છેક ટોચે જવાની ઉત્કંઠા વધવા લાગી. એ ઉત્કંઠાને લીધે અને સૌથી સરસ જોવાનું ટોચે જ મળવાનું છે એ અપેક્ષાથી વચલાં દશ્યોની અમે પૂરી કિંમત આંકી શકતા ન હતા.

જેમ જેમ ઉપર ચાલ્યા તેમ તેમ પહાડનો ચારે બાજુનો ઘેરાવો સ્પષ્ટ દેખાવા લાગ્યો. ત્યાં પણ છાપરાંવાળા રસ્તા મંદ કે તીવ્ર ગતિથી ટેકરી ચડતા હતા. આખરે છેક ટોચે પહોંચ્યા. ત્યાં અમે શું જોયું? લાખીકામના રંગીન

દાબડામાં જેમ એકની અંદર બીજો, એના પેટમાં ત્રીજો, એમ દાબડા હોય છે, અને અંદર શું છે એ જોવાની ઇંતેજારીથી આપણે ખોલતા જઈએ છીએ તેવી ઉત્કંઠાથી અમે ઉપર આવ્યા. એ દાબડાઓના પેટમાં સૌથી અંદરની દાબડી એટલી નાની હોય છે અને એટલી તુચ્છ હોય છે કે એની અંદર કશું માવાનો સવાલ જ નથી હોતો. એના નાના અવકાશમાં ફક્ત નિરાશા જ માઈ શકે. આ ટેકરી પર એવો જ અનુભવ થયો. છેક ટોચે ખાસ જોવાલાયક કશું જણાયું નહિ. દૂર દૂર સુધીનું દશ્ય જોવા જેટલી ઊંચાઈ અમે મેળવી હતી એટલો જ લાભ. અનાત્મવાદી બૌદ્ધધર્મનું જ જાણે એમાં સૂચન થતું હતું. સંસ્કારોનું પૃથક્કરણ કરી છેક છેડા સુધી જાઓ એટલે ત્યાં કશું જડવાનું નથી. ત્યાં તો શૂન્ય જ મળે. પણ નક્કર શૂન્ય, જેનું જ બીજું નામ અનન્ત.

સમાધિ પછી વ્યુત્થાન થાય તેમ અમે ટેકરી પરથી નીચે ઊતર્યા. ઊતરતાં જુદો રસ્તો લીધો. લગભગ સુકાઈ ગયેલાં પાંદડાંની શોભા ચોમેર દેખાતી હતી, તેથી જ્યાંત્યાં વૈરાગ્યનું સૂચન થતું હતું.

૭

રાજપ્રાસાદ

મંડાલેનો કિલ્લો લશ્કરી દૃષ્ટિએ ફોગટ છે. આવડી મોટી ટેકરી પડખે હોવા છતાં એના પર જો લશ્કરી જાપ્તો ન હોય તો એ કિલ્લાની કિંમત શી? અને કિલ્લો બાંધેલો છે તે પણ બરાબર ચોરસ! બચાવ કરવો હોય તોયે અંદરની ફોજ પૂરતો બચાવ ન કરી શકે. કિલ્લાના ખૂણા પર તાજિયાની પેઠે નાના નાના ઘુંમટ ઊભા કર્યા છે, એટલે કિલ્લો સાવ અરસિક નથી દેખાતો. યુદ્ધની જરાયે કલ્પના વિનાના અને કિલ્લો એ પ્રતિષ્ઠા કે શોભાનો જ પદાર્થ છે એમ માનનારા કોકે એ અહીં બાંધ્યો છે. કિલ્લાની અંદર અમે ઝાઝું ફર્યા નહિ. અંદરનો મુખ્ય રાજપ્રાસાદ માત્ર જોઈ લીધો.

છાપરાં બાંધવાની કળા તો બ્રહ્મી લોકોની જ. બંગાળનાં ગ્રામીણ છાપરાંથી આ તદ્દન ઊલટાં. હાથીની પીઠ પર ચોરસ જાજમ કે ચાદર મૂકી હોય તો જેવો આકાર થાય તેવો બંગાળી ઝૂંપડાંનો હોય છે; જ્યારે બ્રહ્મી છાપરાં ઢીલા તંબૂના કેનવાસ જેવાં હોય છે. વરસાદનું પાણી આવાં છાપરાં પર જેમ જેમ વધારે પડે તેમ તેમ વધારે જોરથી દૂર ફેંકાય છે. કેટલાક લોકો મૂછના આંકડા જેમ ઊંચે ચડાવે છે તેમ બ્રહ્મી છાપરાંના ચારે ખૂણા ઊંચા ચડાવેલા હોય છે.

'તમે શું સમજો છો? અમે પણ કંઈક છીએ,' એમ મગરૂરીથી કહેતા હોય એવા એ ખૂણા લાગે છે.

જેમ છાપરામાં ખાસિયત છે તેમ ઘરની ભોંયમાં પણ અમુક વિશેષતા છે. આ પ્રદેશમાં વરસાદ ખૂબ પડે છે. અને લોકોનાં અસલી રહેઠાણમાં ઘણી વાર ચોમાસાનો જળબંબોળ થતો હશે. એટલે ઘરની ભોંય જમીનથી હમેશાં ઊંચી રાખે છે. આપણે ત્યાં આપણે ઊંચો ઓટલો બાંધીએ છીએ. બ્રહ્મી લોકો બહારની જમીન અને ઘરની ભોંય વચ્ચે ખુલ્લું પોલાણ રહેવા દે છે. વરસાદનું પાણી આવે તો મકાન નીચે થઈને ચાલ્યું જાય. ખેતરોમાં જેમ ચોકી કરવા માટે ચાર થાંભલા પર અધ્ધર ઝૂંપડી બાંધેલી હોય છે તેના જેવી જ આ બાંધણી કહી શકાય. ઘર બધાં લાકડાનાં અને વાંસનાં. એક નાનકડા ઘરની ભોંય તો વાંસની લીસી છાલમાંથી બનાવેલી ચટાઈની જ હતી. આવાં ઘરને નીચેથી પણ બારી રાખી શકાય!

રાજપ્રાસાદની સુંદરતા કરતાં એની સાદાઈ જ મને વધારે સારી લાગી. આગ સામે બચાવ તરીકે ઓરડીએ ઓરડીએ કોરી માટીની ખુલ્લી પેટીઓ રાખેલી હતી.

કોઈ પણ સમાજની મનોરચના અને અભિરુચિનો કસ જેમ એના સંગીત પરથી કાઢી શકાય છે તેમ એની રંગની પસંદગી દ્વારા પણ કાઢી શકાય છે. બનારસી કામમાં અમુક જાતના જ રંગો વપરાયેલા હોય છે. સિંધમાં હાલાનું માટીકામ અને લાખનું કામ અમુક જાતના રંગોમાં જ ખીલે છે. રંગની મદ્રાસી અભિરુચિ જુદી, અને મહારાષ્ટ્રી જુદી. મધ્ય એશિયાના ગાલીચા અને ઇજિપ્તનાં પ્રાચીન ચિત્રોમાં

રંગનું ગાંભીર્ય વિશેષે કરીને દેખાય છે. બ્રહ્મદેશમાં નેતરનાં વાસણો પરના રંગ અને દીવાલોના રંગ વચ્ચે અસાધારણ મેળ હોય છે. કપડાંની બાબતમાં એમની અભિરુચિ કંઈક જુદી છે. તેથી મકાનો અને પોશાકના વિરોધને લીધે બન્ને વિશેષે ઉઠાવદાર થાય છે. ભભકાદાર રંગ છીછરાપણું સૂચવે છે. અતિગંભીર રંગને લીધે સૂતકી વાતાવરણ જામે છે. થોડો વખત એમાં રસ પડે, પણ ઝાઝા દિવસ એવા રંગ વચ્ચે રહેવાથી એની મન પર માઠી અસર થાય છે. અહીં રંગ શાંત અને ઠરેલ હોવા છતાં ઉદાસ નથી. એમાં ગર્ભશ્રીમંતાઈ વધારે છે.

મારે હૈયે હિંદુસ્તાનના કોઈ પણ પવિત્ર તીર્થક્ષેત્ર જેટલું જ મંડાલેના કિલ્લાનું મહત્ત્વ હતું. જે રત્નાગિરીમાં બ્રહ્મદેશના થીબા રાજા કેદ હતા એ જ રત્નાગિરીમાં જન્મેલા લોકમાન્ય તિલકને અંગ્રેજ સરકારે છ વરસ માટે થીબા રાજાના કિલ્લામાં કેદ રાખ્યા હતા. આ જ ભૂમિ પર 'ગીતારહસ્ય' લખાયું એ ખ્યાલથી અહીંની હવા પણ कुरु कर्मैव तस्मात्त्वं पूर्वैः पूर्वतरं कृतम् એમ કહેતી હોય એવું લાગતું હતું. હિંદુ જાતિના બીજા એક કર્મયોગી વીરને પણ સરકારે અહીં જ 'દફનાવેલા'. લજપતરાયની કારાવાસની કહાણી જેને યાદ હશે તેને સરદાર અજિતસિંહ અને લાલા લજપતરાયને અહીં કેવી રીતે રાખેલા હતા એનું સ્મરણ થશે. સ્વરાજ્ય મળે ત્યાં સુધી કોણ જાણે આવાં કેટલાં તીર્થો સ્થપાશે !

મંડાલેમાં બીજું તો ઘણું જોયું હશે, પણ આજે કશું યાદ નથી આવતું. બ્રહ્મદેશની કારીગરી ખૂબ વખણાય છે.

ત્યાંના સુતાર અને સોની પ્રખ્યાત છે. અમે થોડુંક ચાંદીનું કામ જોયું. ઝાઝું જોવાની તક ન મળી. એક ઠેકાણે મેં ક્યાંક લખ્યું છે કે બ્રહ્મી લોકો હીરાના શોખીન હોય છે. માત્ર હીરો એ લોકો વીંટી પર ઊંધો બેસાડે છે. હીરાની ચપટી બાજુ અંદરની બાજુ રાખે છે અને હીરાની અણી બહાર કાઢે છે. જાણે કિલ્લાના દરવાજા પરના મોટા માથાના અણિયાળા ખીલા. બર્મી બટન પણ એવાં જ. રસ્તામાં એક જાન અમે જોઈ. જાનૈયાનાં બદન પણ સરસ ઇસ્ત્રી કરીને રાજપ્રાસાદના છાપરાંની પેઠે વાળેલાં અને આગળ કાઢેલી. એમાં સરસ ખૂબી હતી, અને એ પોશાકને લીધે માણસો ઉઠાવદાર પણ દેખાતા. મંડાલેની આસપાસનું દૃશ્ય પણ આપણને પસંદ પડે એવું છે. અહીંથી ઉત્તર તરફ જઈએ એટલે ઉત્તર બ્રહ્મદેશની જંગલી શોભા શરૂ થાય છે. એ બાજુએ માણેકની ખાણો છે એમ અમે સાંભળ્યું.

એક વાર અમારો વિચાર થયેલો કે જળમાર્ગે હિન્દુસ્તાન પાછા ન જતાં ચિંદવીન નદીને કાંઠે કાંઠે ઉપર જઈ ત્યાંથી મણિપુર જવું, અને મણિપુરથી પૂર્વ બંગાળમાં થઈ કલકત્તા પહોંચવું. રસ્તામાં સદા રોતું ચેરાપુંજી પણ જોવાય. રસ્તો જોખમભરેલો છે એવી સૂચના હમેશની પેઠે અમને મળતી હતી. એને અમે ગણકારત નહિ. બાર પંદર દિવસ ખૂબ મજા આવત. પણ સાથે નાનો ગિરધારી હતો. મુસાફરીનું કષ્ટ જો એ ન વેઠી શકે તો માંદો પડે, અને પછી સુધરેલી દુનિયાથી એટલે દૂર કશી મદદ પણ ન મળી શકે, એ વિચારે અમે અમારો ઉત્સાહ રોક્યો. મહાયુદ્ધના દિવસો હોવાથી સરકાર તરફથી કંઈક કનડગત થાય એ શંકા પણ હતી.

૮

સુવર્ણ દેશની માતા

યાત્રા કરનાર માણસે પ્રથમથી જ યાત્રાના પ્રદેશ વિષે જેટલી માહિતી મેળવી શકાય તેટલી મેળવવી જોઈએ, નહિ તો જેમ ગાયના આંચળ પર બેઠા છતાં દૂધ છોડીને લોહી ચૂસવાનું જિંગોડાના નસીબમાં હોય છે તેના જેવી સ્થિતિ થવાની. ક્યાં મુંબઈ પ્રાંત અને ક્યાં ઉત્તર બ્રહ્મદેશ! અમે મંડાલે સુધી ગયા. ત્યાંથી અમરાપુરા પણ ગયા. છતાં માહિતીને અભાવે ત્યાંની પ્રચંડ બૌદ્ધ મૂર્તિઓ જોવા ન પામ્યા; અહીં બે મદ્રાસી વિદ્યાર્થીઓ રેશમનું વણાટકામ શીખતા હતા, તેમણે પણ અમને કશું ન કહ્યું. અમરાપુરા ઐરાવતીને કાંઠે છે. મારે નાહવા જવું હતું. પણ પેલા વિદ્યાર્થીઓને એ ન ગમ્યું. આખરે ધર્મશાસ્ત્ર આગળ કરી મેં એમને કહ્યું કે, 'નદીનું માહાત્મ્ય એકલા દર્શનમાં સમાપ્ત નથી થતું. સ્નાન, પાન અને દાન એ ત્રણ વગર નદી આશીર્વાદ ન દે.' પછી તો અમે બધા નાહવા ગયા. નદીનો પ્રવાહ ગજગતિએ ચાલે છે. પટ ખૂબ પહોળો છે. અને આસપાસની ભૂમિ પણ સમથલ હોવાથી અહીં નદી ગંભીર દેખાય છે.

ઈરાવતી કે ઐરાવતી? હું માનું છું કે નદીનું નામ ઇરા ઘાસ ઉપરથી ઇરાવતી પડેલું હોવું જોઈએ. આ

નદીના કાંઠાનું પૌષ્ટિક ઘાસ ખાઈ મદમત્ત થયેલા હાથીને ઐરાવત કહેતા હશે. અથવા ઇંદ્રના ઐરાવત જેવી મહાકાય અને ગજગતિએ ચાલનારી આ નદી જોઈ કોઈ બૌદ્ધ ભિક્ષુને થયું હશે, 'ચાલો, આને જ આપણે ઐરાવતી કહીએ.'

પણ ઐતિહાસિક કલ્પનાતરંગ ચલાવવાનું કામ ભેકાર્ડુ લોકોનું છે, મુસાફરને એ ન પોસાય.

ઐરાવતી જો હિંદુસ્તાનમાં હોત તો સંસ્કૃત કવિઓએ એને વિષે ઐરાવતી જેટલો જ પહોળો અને લાંબો કાવ્યપ્રવાહ વહેવડાવ્યો હોત. બ્રહ્મદેશના કવિઓએ અનેક કાવ્યો લખ્યાં હોય તો આપણે શું જાણીએ? બ્રહ્મી નથી આપણી જન્મભાષા કે શાસ્ત્રભાષા અથવા રાજભાષા. પડોશની ભાષા શીખવા જેટલી પ્રવૃત્તિ આપણામાં છે જ ક્યાં? કોઈ અંગ્રેજ બર્મી જ ભાષા શીખી બર્મી કવિતા અંગ્રેજીમાં કરી આપે તો વખતે આપણે વાંચીશું ખરા.

કોઈ પણ દેશ ઐરાવતી જેવી નદી માટે મગરૂર અને કૃતજ્ઞ થઈ શકે. બ્રહ્મદેશમાં રંગૂનથી ઉત્તર તરફ છેક મંડાલે સુધી અમે ટ્રેનમાં ગયા હતા. ત્યાંથી નજીકના અમરાપુરા જઈ અમે ઐરાવતીનાં પ્રથમ દર્શન કર્યાં.

આવી નદીના પૃષ્ઠ ઉપર હોડીમાં અથવા 'વાફોર' (સ્ટીમલૉંચ)માં બેસી મુસાફરી કરવી એ જીવનનો એક લહાવો જ છે. દરિયાની મુસાફરી જુદી અને નદીની જુદી.

નદીમાં મોજાં નથી હોતાં. બે બાજુના કાંઠા આપણને સાથ દે છે. અને આપણને નથી લાગતું કે, આપણે જીવન નામ ધારણ કરનાર પણ જીવલેણ એવા

મહાભૂતના સકંજામાં સપડાયા છીએ. નદીનો પ્રવાસ એ પૃથ્વીના ગોળાના અંતરાળમાં ચાલતા સનાતન વ્યોમવિહાર જેટલો જ શાંત અને આહ્‌લાદક હોય છે. અત્યારે એ ઐરાવતીના પ્રવાસનું સ્મરણ કરું છું ત્યારે દ્રૌપદી સમી નર્મદાનો ચાણોદકર્નાળી તરફનો પ્રવાસ, સીતા સમી તાપીનો સાગરસંગમ સુધીનો પ્રવાસ, કાશીતલવાહિની ભારતમાતા ગંગાનો પ્રવાસ, મથુરાવૃંદાવનનો કૃષ્ણસખી કાલિંદીનો પ્રવાસ, કાશ્મીરના નંદનવનમાં કરેલો પાર્વતી વિતસ્તાનો પ્રવાસ, અને વનશ્રીના પિયરરૂપ ગોમાંતક પ્રદેશમાંનો જલપ્રવાસ એકસામટા યાદ આવે છે. એમાંયે ધરાઈએ એટલો લાંબો પ્રવાસ તો વિતસ્તા અને ઐરાવતીનો જ. સિંધુ, ગંગા, બ્રહ્મપુત્રા અને નર્મદાને તોલે આવે એવી આ નદી છે. ઐરાવતીનો પટ અને પ્રવાહ જોતાં વેંત આ કોઈ મહાન સામ્રાજ્ય પર રાજ કરનાર સમ્રાજ્ઞી તો નહિ હોય એવો ભાવ મનમાં આવે છે. આરાકાન અને પેગુ યોમા એનું રક્ષણ કરે છે ખરા, પણ ઐરાવતીની પ્રતિષ્ઠા સાચવવા તેઓ આદરપૂર્વક દૂર દૂર ઊભા છે.

અમરાપુરાથી મંડાલે પાછા જઈ અમે 'વાફોર'માં બેઠા. અમારું જહાજ ચાલ્યું. કામધેનુનાં વત્સો જેમ સાંજ પડચે મા પાસે દોડતાં આવે તેમ આસપાસના વિસ્તીર્ણ પ્રદેશના શ્રમજીવી કૃષીવલો ઐરાવતીને કાંઠે જહાજ પાસે ભેગા થાય છે. અમારું જહાજ એ એક મોટી ચાલતી ગુજરી જ ગણાય. નાનું કે મોટું બંદર આવે એટલે જહાજ લોકોને આમંત્રણ ફૂંકે. બસ, કીડીઓનો રાફડો ઊભરાય તેમ લોકો દોડતા આવે. ખાવાની ચીજો, કપડાં, નેતરનાં વાસણો, કારીગરીની

વસ્તુઓ, જાતજાતના પદાર્થો જહાજ પર ફેલાય. જહાજમાં પણ કેટલાક વેપારીઓ પોતાનો માલ લઈને તૈયાર બેઠા જ હોય. પક્ષીઓ કલબલ કલબલ કરે તેમ લેવડદેવડનો ઘોંઘાટ શરૂ થાય. આપણે ભાષા જાણતા હોઈએ તો જ ઘોંઘાટનો કંટાળો આવે. અહીં લોકો લડે, વઢે કે રડે, આપણે માટે બધું સરખું; જાણે એક મોટું નાટક ભજવાય છે. વિનિમય પૂરો થાય એટલે જહાજ ઊપડે. વિયાવાની તૈયારીમાં હોય એવી ભેંસ જેવું અમારું જહાજ ડોલતું ડોલતું ચાલે. જહાજના એક હલકટ ગોરા અમલદાર સાથે અમારું જરા બગડવાથી અમારી મુસાફરીની શરૂઆત મીઠા પાણીમાં પણ ખારી થઈ ગયેલી. પણ મંદ મંદ પવનમાં એ બધું ઊડી ગયું, અને અમે પણ કુદરતની પેઠે પ્રસન્ન થયા.

ફરી એક બંદર આવ્યું. અહીં કંઈ વેપાર વિશેષ ચાલતો હશે. નાનીમોટી અસંખ્ય હોડીઓનું ધણ નદીને કાંઠે કાદવમાં આળોટતું હતું. હોરની પીઠ પર માખીઓ બણબણે તેમ ગામડાંના છોકરાઓ આ હોડીઓ વચ્ચે કૂદતા ને રમતા હતા.

બ્રહ્મી લોકોમાં છૂંદણાંનો શોખ ભારે છે. એમની કેવડાના રંગની ચામડી પર લાલ અને લીલાં છૂંદણાં શોભે છે પણ ખરાં. મહારાષ્ટ્રનાં ગામડાંમાં એવી માન્યતા છે કે આ ભવે શરીર પર ઘરેણાં છૂંદીએ તો આવતે ભવે સોનાનાં ઘરેણાં મળે, અને કપાળ પર ચાંલ્લો અને ચંદ્ર છૂંદવાથી અખંડ સૌભાગ્ય મળે. અહીંના લોકોમાં પણ એવી કંઈક માન્યતા હોવી જોઈએ, કેમકે ઘણા ગામડિયાઓ કેડથી ગોઠણ સુધીના આખા ભાગ પર ભાતવાળી લુંગી

છૂંદાવે છે. તેથી કેટલાક ભાઈઓ નદીમાં ઉઘાડા નાહવા પડચા છતાં નાગા જેવા લાગતા નહોતા. જહાજ વધારે થોભવાનું હોય ત્યારે અમે કિનારા પર જઈ પાસેનાં ગામડાંમાં ફરી આવતા. પ્રહ્મી ઘરો અને શેરીઓથી અમારી આંખો ટેવાઈ ગઈ હતી. એમની ભાષા અમને નહોતી આવડતી, છતાં એ નિર્વ્યાજ ગામડિયાઓનું જીવન અમને પરિચિત જેવું જ લાગતું. મુત્સદ્દી અને વેપારી લોકોના રાગદ્વેષો બાદ કરીએ અને ધાર્મિક કે અધાર્મિક લોકોની કલ્પનાસૃષ્ટિ કોરે મૂકીએ તો માણસજાત બધે સરખી જ છે. હું માનું છું કે દુનિયાભરનાં ગામડાં અને ત્યાંના લોકો બધાં સરખાં જ હોવાં જોઈએ.

પ્રવાહ સાથે જાણે તાલ ધરતાં હોય તેવાં સ્તૂપો અને મંદિરો વચમાં વચમાં આવી જતાં. ઊંચી ટેકરીઓ અને શિખરો હમેશ માણસજાતને પ્રિય છે જ. તેમાં વળી નાઈલ નદી જેવી ઐરાવતી ચારે દિશાએ પોતાની કૃપાનો ઉત્પાત કરે ત્યારે તો ઊંચાંઊંચાં સ્થાનો એ જ માણસનું આશ્રય-સ્થાન થઈ જાય છે. એના પ્રત્યેની કૃતજ્ઞતા મંદિર બાંધીને માણસ ન દાખવે તો બીજી કઈ રીતે વ્યક્ત થાય? કુદરતે આપણને શીખવ્યું છે કે લીલાં પાંદડાંમાં પીળાં પરિપક્વ ફળ પોતાની બધી ખુમારી દાખવી શકે છે. એ પાઠનો લાભ લઈ લોકોએ ઝાડો વચ્ચે મંદિર બાંધી એના પર આકાશનું આનંત્ય ચીંધનાર સોનાની આંગળીઓ ઊંચી કરેલી છે. કુદરતી શોભા માણસ સુધારી ન શકે એમ માનનારાઓએ આ શિખરો એક વાર જોવાં જોઈએ.

બપોરનો વખત હતો. અંગ્રેજી જાણનાર એક બ્રહ્મી કૉલેજિયન જોડે અમે વાતો કરતા હતા. એટલામાં એક નીરવ સાદ સંભળાયો. છિંદવીન નદી પોતાનો કરભાર લઈને ઐરાવતીને મળવા આવી હતી. એનો શો પ્રેમસંગમ! રામદાસ અને તુકારામ એકબીજાને મળ્યા હોય અથવા શેતરંજ રમનાર કાલિદાસને ભવભૂતિ પોતાનું 'ઉત્તરરામચરિત' સંભળાવતો હોય એવો એ દેખાવ હતો.

કલ્પનામાં તો છિંદવીનના અજ્ઞાત પ્રદેશમાં શાન રાજ્યો સુધી હું જઈ પણ આવ્યો. હાથમાં તીરકામઠું અથવા કુહાડી લઈને ફરનાર નિશ્ચિંત અને નિર્ભય એવા કેટલાયે વનવાસીઓ મને ત્યાં મળ્યા. સંશય આવે તો જીવ લેનાર અને વિશ્વાસ બેસે તો જીવ આપનાર એ કુદરતનાં બાળકોનું દર્શન સુધારાનો કાદવ ધોઈ કાઢનાર મંગલસ્નાન જેવું હતું. જહાજ પરનું પક્ષી ગમે તેટલું ઊડે તોયે આખરે જહાજ પર જ પાછું આવે છે તેમ કલ્પના પણ જંગલની સહેલ કરી ફરી પાછી જહાજ પર આવી. કેમકે અમે પકોકુ બંદર પર આવી પહોંચ્યા હતા.

પકોકુ પાસેની કાદવવાળી નદીમાં નાહી અને બ્રહ્મી પરોણાગતનો સ્વીકાર કરી અમે ફરી જહાજ ઉપર સવાર થયા. અને ઘાસલેટના કૂવાઓ જોવા યેનનજાંવ સુધી પહોંચ્યા. અહીં અમેરિકન મજૂરોનું રાજ ચાલે છે એમ કહી શકાય. આસપાસ વનશ્રી નહિ જેવી. અહીં એક તરફ આ ઘાસલેટના કૂવાનું આધુનિક ક્ષેત્ર અને બીજી તરફ ટેકરી પર આવેલા નાનકડા પ્રાચીન બૌદ્ધ મંદિરનું તીર્થક્ષેત્ર. બંને જોઈ કેટલાયે વિચારો મનમાં આવ્યા. મંદિરની

કારીગરીમાં હાથીના મોઢાવાળું એક પક્ષી કોતરાયેલું હતું. બીજા પણ એવા જ અનેક સંકરો અહીં જણાયા. પાસેના મઠમાં કેટલાક બૌદ્ધ સાધુઓ રાગડા તાણીને સંધ્યાકાળની પ્રાર્થના કે એવો જ કંઈક વિધિ કરતા હતા. ઐરાવતીને જાણે કશો પક્ષપાત ન હોય એવી રીતે ઘાસલેટના કૂવાના પંપનો ધમાલિયો અવાજ પણ પોતાના હૃદય ઉપર વહન કરે છે અને अनिच्चा वत संखारा उप्पादव्ययधम्मिणो નો શ્રાંત અથવા ચિરંતન સંદેશો પણ વહન કરે છે. અમેરિકાનું સામર્થ્ય ભલે અજોડ હોય પણ એ ખંડ તો બાળક જ કહેવાય ને? એને જીવનનું રહસ્ય આટલામાં ક્યાંથી હાથ લાગવાનું? એને તો નદીને કાંઠે ત્રણ ત્રણ હજાર ફુટ ઊંડા કૂવા ખોદી ઘાસલેટ કાઢવાનું જ સૂઝવાનું. દુનિયાના સર્વ સૃષ્ટ પદાર્થો ઉત્પન્ન થાય છે ને નાશ પામે છે, એમાં બધું જ નશ્વર અને વ્યર્થ છે, અસાર છે, સાર તો કેવળ એમાંથી બચી જઈ નિર્વાણ મેળવવામાં છે, એ વાત કયો અમેરિકન સ્વીકારી શકે! પણ ઐરાવતી નદી તો ઉત્સાહને લીધે જ્ઞાનનો ઇનકાર ન કરે અને જ્ઞાનના ભારથી ઉત્સાહ નહિ ખોઈ બેસે. એને તો મહાસાગરમાં વિલીન થવું છે અને છતાં એ વિલીન થવાનો આનંદ અખંડ ચલાવવો પણ છે.

યેનનજાંવથી અમે પ્રોમ સુધી ગયા અને ત્યાં ઐરાવતીની વિદાય લીધી. અહીંથી આગળ જઈ એ દીર્ઘિકા અનેક મુખે સાગરને મળે છે. ઐરાવતી ખરેખર સુવર્ણદેશની માતા છે.

૯

પકોકુ

બંદર પર ગાડીઓ તો ઘણી હતી. પણ અમને કોણ શહેરમાં લઈ જાય? માણુસની ભાષા અમને ક્યાં બોલતાં આવડતી હતી? અમારું જહાજ બપોરથી રાત સુધી પકોકુમાં આરામ કરવાનું હતું. એટલા વખતમાં અમારે પકોકુનો પ્રસાદ ચાખવો હતો. અહીંના સેશન્સ જજ પર અમારી પાસે એક ભલામણચિઠ્ઠી હતી. એ ન મળે તો શહેરમાં ઊ પો સિન નામના બીજા સજ્જનને ત્યાં જવાય એમ હતું. અમારી ભાષામાં અમે દરેક ગાડીવાળાને પૂછ્યું. અમારી ભાષા કઈ એ મહત્ત્વનો સવાલ નથી. અમારી પાસે હિંદી, મરાઠી, કાનડી, ગુજરાતી, બંગાળી, સિંધી, અંગ્રેજી, ફારસી, અને સંસ્કૃત એટલી ભાષાનો ભંડાળ હોવા છતાં અહીં એમાંની એક ચાલે એમ ન હતું. આખરે એક એક્કાવાળાએ માથું ધુણાવી અમારો સામાન કબજામાં લીધો. અમે એની ગાડીમાં જઈને બેઠા. પ્રથમ જજ સાહેબના બંગલા તરફ ગયા. એક કાગળ પર અંગ્રેજીમાં અમારાં નામ લખી ગાડીવાળાને મોકલી દીધો. થોડી વારમાં ગાડીવાળો પાછો આવ્યો. ઇશારાથી એણે કહ્યું કે, 'ત્યાં કોઈ નથી. દૂર બહારગામ ગયા છે.' અમારાં નામ અમારા હાથમાં પાછાં આવ્યાં.

અમે ફરી નિશ્ચય કરી ગાડીવાળાને કહ્યું, 'ઊ પો સિન.' ગાડી ચાલી, અને શહેરમાં એક પ્રતિષ્ઠિત ઘર આગળ ઊભી રહી. ગાડીવાળાએ અમારો સામાન ઉતારી ઘરમાં મૂક્યો.

અમે અંદર ગયા. ઘરમાંથી બે ત્રણ રમણીઓ બહાર આવી. અમને સંકોચ થયો. અમે કહ્યું, 'ઊ પો સિન. ગમનાજી.' (ગમનાજી એ એક હિંદુસ્તાનનો વેપારી આડતિયો હતો. એનું સરનામું આ ઘરનું હતું.) બાઈઓએ અમને બેસવાનું કહ્યું. અમે રાહ જેવા લાગ્યા. બાઈઓ અંદર ગઈ. અર્ધો કલાક બેઠા હોઈશું. ન આવે ઊ પો સિન કે ન મળે ગમનાજી. અમને વિચિત્ર લાગ્યું. આમ ક્યાં સુધી બેસાય? જીવતરામને મેં કહ્યું, 'તમે અહીં બેસો. હું ગામમાં ફરી આવું. કોઈ આપણી ભાષા જાણનાર મળે તો ઈશ્વરનો પાડ.' પોલિયાની પેઠે આખું ગામ ફરી વળ્યો. મારી ભાષાઓમાં હું પૂછતો. લોકો એમની ભાષામાં જવાબ આપતા. પણ બોધ તો આસપાસની હવાને પણ થતો નહિ. જાણે બહેરાંઓનો મુલક. એક ઠેકાણે મકાન પર ફોટોગ્રાફિક કૅમેરાનાં ચિત્રો ચોડેલાં મેં જેયાં. હાશ! હવે તો કોઈ અંગ્રેજી બોલનાર મળશે ખરો. હું દુકાનમાં ગયો અને મારું અંગ્રેજી ઠાલવી દીધું. પણ અહીં પણ ઉત્તેજક પ્રતિધ્વનિ ન નીકળ્યો.

નિરાશ થઈને હું કિનારે પાછો આવ્યો. ગિરધારીને કહ્યું, 'દોડતો જા, અને પણે આપણો ગાડીવાળો દેખાય છે એ અલોપ થાય એ પહેલાં એને લઈ આવ.' ગાડીવાળો આવ્યો. અમે અમારો સામાન ગાડીમાં મૂકવા ઉપાડ્યો. ઘરની બાઈઓએ એ જેયું. આવેલા પરોણા આતિથ્ય લીધા વગર જાય છે એનું એમને વસમું લાગ્યું. એમની ભાષા અમે સમજી શકતા ન હતા, પણ એમની આંખોમાંથી ઝરતું આતિથ્ય વાંચતાં વાર લાગે એમ ન હતું. તેમણે અમને

ખૂબ સમજાવ્યા. અમે પણ એમને કહ્યું કે, 'આવેલા જ જહાજમાં આજે સાંજે અમારે પાછા જવું છે. ઝાઝો વખત રહ્યો નથી.' પણ આટલી વિગતો અમે બોલ્યા તે અમારા જ સમાધાન ખાતર. બાઈઓ થોડુંક કહે અને અંદર જાય. કોઈ ડોસીને લઈ આવે. એ કંઈક કહે, અને બીજે બારણેથી પાછી જાય. થોડા વખતમાં પાડોશની બે ડોસીઓ આવી. એમણે પણ પોતાની ભાષા અજમાવી. અમને તો બાઘા જેવું લાગતું હતું. આમ અચાનક આવવું ને એમ ને એમ જવું એમાં અવિવેક તો ખરો, પણ કરીએ શું? ગાડી ગુમાવીએ તો બંદરનો રસ્તો પણ યાદ નહિ. અને લોકોને પૂછીએ તો કઈ ભાષામાં? એટલે આંખ વડે જ માફી માગી અમે ગાડીમાં સવાર થયા.

ઘડ ઘડ ઘડ ગાડી ચાલી, અને ઘરની બાઈઓએ કિલકિલાટ કરી મૂક્યો. અમે થોડેક દૂર ગયા ત્યાં હંગેરિયન ટોપીવાળો એક માણસ સામેથી આવતો અમે જોયો. સ્વદેશી ભાષા જાણનાર કોઈ નરરત્નને મળી શકાશું એવી તો આશા પણ મનમાં રહી ન હતી. છતાં એને ગાડી પાસેથી પસાર થતો જોઈ મેં મંત્ર ફેંક્યો, 'ગમનાજી.' માણસ ચોંક્યો. પાછો ફર્યો. અમને પણ હિંમત આવી. માનવી ગિરાનો આશ્રય લઈ અમે પૂછ્યું, 'આપ ગમનાજી હૈં?' એણે હા પાડી. પછી તો પૂછવું જ શું? ગાડી પાછી ફરી. અમે ઊ પો સિનને ત્યાં ફરી ગયા. બાઈઓને ખૂબ સમાધાન થયું. ગમનાજીએ થોડીક દિલગીરી બતાવી કહ્યું કે પોતે રાંધી શકતા નથી, મીઠાઈ પર જ નભાવે છે. અમે કહ્યું, 'અમને અન્નાહાર મળે તો બ્રહ્મી હાથનું ચાલશે. અમને ખબર છે કે બ્રહ્મી

લોકોના હાથનું કોઈ પણ જાતનો હિંદુ ખાતો નથી. પણ અમારે બ્રહ્મી ખોરાક ચાખવો છે. એમાં નિષિદ્ધ કશું ન આવે આવી ખાતરી આપતા હો તો આ ઘરનું જ અમે ખાઈશું.'

તૂટેલો તાર સંધાયો હોય એમ ઘરનાં માણસો જોડે અમારી વાતચીત શરૂ થઈ. 'શું ખાશો? શું નહિ ખાઓ?' એ બધું એમણે પૂછી લીધું. અમારે તો અન્નમાં ખપતો શુદ્ધ સાદો બ્રહ્મી ખોરાક જોઈતો હતો.

રસોઈ તૈયાર થાય ત્યાં સુધીમાં મેં નાહી લેવાનો વિચાર કર્યો. વાસ્કો ડી ગામાની પેઠે ગૂડ હોપ સુધી હું ફરેલો હતો. એટલે નદી — ઐરાવતીને મળતી એક નાનકડી નદી— કઈ દિશાએ છે તે હું જાણતો હતો. કપડાં લઈને નદી પર ગયો. નદી કાદવથી લાલચોળ હતી. પણ પરસેવા કરતાં કાદવ ખમાય એ ન્યાયે હું પાણીમાં પડ્યો. જીવતરામ, ગિરધારી પણ આવ્યા. નાહીને અમે જમવા બેઠા. બ્રહ્મી ઢબની પલાંઠી વાળી અમે બેઠા. નેતરનાં સુંદર લાખી વાસણોમાં પીરસેલી ભાત, વાલ અને બીજી કેટલીક વસ્તુઓ ખાધી. ખોરાક ભાવ્યો એમ તો ન કહેવાય; પણ હતો સ્વચ્છ અને બરાબર ચડેલો. પછી ઘરની ડોશીએ ઊ પો સિન, એના ભાઈ અને ઘરનાં કેટલાંક માણસોની તંદુરસ્તી વિષે અને પ્રવૃત્તિઓ વિષે કેટલુંક કહ્યું. 'ઘરમાં કોઈ નથી એટલે તમારે લાયક તમારું સ્વાગત ન કરી શક્યાં,' કહીને દિલગીરી પણ બતાવી.

અમારી મારફતે જજ સાહેબની ઓળખાણ થાય તો સારું એમ ગમનાજીને લાગવાથી એ અમને એમને બંગલે લઈ ગયા. જજ સાહેબ સવારીમાં ગયેલા હતા. અમે અમારાં ભલાં યજમાનોનો આભાર માની જહાજ પર પાછા આવ્યા.

૧૦

ઘાસલેટના કૂવા

બ્રહ્મદેશનું સાચું દર્શન અમને યેનનજાંવમાં થયું. અહીં ઘાસલેટના પ્રખ્યાત કૂવા છે. ઘાસલેટ પાછળ અંગ્રેજ વેપારીઓ અને અમેરિકન મજૂરો આવવાના જ. અમે યેનનજાંવ પહોંચ્યા ત્યારે બપોરનો વખત હતો. બંદરથી શહેર કંઈક દૂર હતું. જીવતરામ મારો લોટો બંદર પર ભૂલી ગયા. અર્ધે રસ્તે યાદ આવતાં એ લાવવા પોતે જ પાછા ગયા. અમે મુકામે પહોંચ્યા. ઘણો વખત થયો તોયે જીવતરામ આવે નહિ. નાનો ગિરધારી ગભરાયો અને રોવા જેવો થઈ ગયો. મેં કહ્યું, 'રહે ત્યારે; હું જીવતરામને શોધવા જાઉં છું. ત્યાં સુધી તું અહીં જ બેસજે.' અજાણ્યા મુલકમાં ગિરધારી મને છોડીને એકલો જ કેમ બેસે? આફત કરતાં ઇલાજ આકરો એમ કહે છે તેના જેવું ગિરધારીને થયું. એ કહે, 'તમે તો નહિ જ જતા!' હું એની સ્થિતિ સમજ્યો. એને લઈને રસ્તા પર આવ્યો અને મેં એનું ધ્યાન વાતોમાં પરોવ્યું.

આખરે જીવતરામ આવ્યા. અમે જમ્યા અને ઘાસલેટના કૂવા જોવા ઊપડ્યા. તાબૂત જેવાં પવનચક્કીનાં લોઢપિંજરો દરેક કૂવા પર દેખાવા લાગ્યાં. આ કૂવા બહુ પાસે પાસે છે. કેટલા ઊંડા હશે એની તો અમને કલ્પનાયે આવવી મુશ્કેલ. યંત્ર વતી કૂવામાંથી તેલ ખેંચાતું હતું. દવા માટે બળદોનું લોહી ચૂસી લે છે તેમ દીવા માટે પૃથ્વીનું લોહી ચૂસવાનું કામ અહીં ચાલતું હતું. એક એક કૂવો બે હજાર ફૂટ, ત્રણ હજાર ફૂટ ઊંડો. ત્રીસ કે ચાળીસ ફૂટ ઊંડો કૂવો થયો કે આપણે કહીએ છીએ, 'અહોહો! આ કૂવામાં તો ચક્કર આવે!' ત્રણ હજાર ફૂટ ઊંડા કૂવા એટલે શું એની કલ્પના કરવી પણ કઠણ છે. અંદર જોવાની હિંમત કરત તોયે એવી સગવડ ન હતી. કૂવાનાં મોં પાટિયાં વતી બંધ કરેલાં હતાં. એકલું પંપિંગ જોવાને મળ્યું. ચૂસી કાઢેલું તેલ પાસેના એક મોટા મકાનમાં ભેગું થયું હતું. કૂવા જોયા પછી અમે ત્યાં જવાના હતા. કૂવાઓના આ વનમાં એક અટૂલો કૂવો દેશી ઢબે ચાલતો હતો. એ કૂવો તો સાવ છીછરો. ફક્ત પાંચસો ફૂટ ઊંડો. અહીં મજૂરો દોરીનો છેડો પકડી દોડતા જાય અને મેલા ઘાસલેટની ડોલ ભરીને ઉપર આવે. અમારી સાથેના અમારા ગૃહપતિએ કહ્યું, 'અહીં ગામડાંના લોકો કૂવાઓની માટી કોડિયામાં ભરી રાખે છે. સાંજ પડી કે માટી સળગાવી દીધી. આખી રાત ભૂક ભૂક ભૂક બળ્યાં કરે. માટી નિસ્તેલ થાય એટલે એ ફેંકી દે છે અને બીજી સ્નેહાળ માટી ભરે છે.' આ કૂવામાં મેં ડોકિયું કર્યું. આગગાડીના બોગદામાં જેવું દેખાય તેવું ગાઢું અંધારું અંદર

ભરાયું હતું. બહારના પ્રકાશને લીધે અંદરનું નથી દેખાતું એમ ધારી મેં મારા હાથમાંની ચોપડીનું ભૂંગળું બનાવી દૂરબીનની પેઠે ધરી દૃષ્ટિ અંદર ફેંકી. આંખો તાણી તાણીને અંદર જોયું. પણ નર્યા અંધારા સિવાય કશું દેખાય નહિ.

કૂવાઓ વિષે જેટલી માહિતી મળી શકે તેટલી પૂછી અમે એંજિનઘરમાં ગયા. ત્યાં કૂવામાંથી કાઢેલું ઘાસલેટ ભેગું કરી અહીંથી રંગૂન સુધી પંપ કરવામાં આવે છે. યેનનજાંવથી રંગૂન પાસેના એક બેટ સુધી મોટા નળ નાંખેલા છે. અહીંથી લગભગ ત્રણસો માઈલ સુધી તેલ પોતાને પગે દોડતું જાય છે. પછી પેલા બેટમાં એને વલોવવામાં આવે છે અને એની શુદ્ધિ થાય છે. તેલ અને પાણીના મેળ ખાય નહિ એમ આપણે અનુભવ પરથી કહીએ છીએ. પણ એ કેટલું આશ્ચર્ય કે ઘાસલેટના કૂવા મોટી મોટી નદીઓને કિનારે જ મળે છે!

અહીંથી અમે પાછા ઉતારે આવ્યા. રસ્તામાં તરેહ તરેહના વિચારો ચાલતા હતા. અહીં કામ કરવા માટે અમેરિકાના જ મજૂરો કેમ આવે છે? દુનિયાભરના મજૂરો એટલે ગરીબોની એક વિરાટ ન્યાત. ગમે ત્યાં જાય તોયે એમને નસીબે પેટ જેટલો કે ઓછો રોટલો જ છે. છતાં એ લોકોમાં પણ વર્ણદ્વેષ અને કામી સ્વાર્થ રહેલાં છે. અમેરિકન મજૂરોનો નિયમ છે કે તેઓ બીજા લોકોને આ ધંધામાં દાખલ થવા નથી દેતા; બીજા ગોરાઓને પણ નહિ. આવા આકરા નિયમ કરનાર પ્રજા કેટલી ડાહી અને દુષ્ટ અથવા સ્વાર્થી હોવી જોઈએ! જ્યાં જે માલ મળે તેના પર જ ગુજરાન ચલાવનાર જૂનો જમાનો ગયો.

હવે જ્યાંથી જે વસ્તુ મળે ત્યાંથી તે આણીને વાપરવી એવો જમાનો આવ્યો છે. નાનપણમાં રાત્રે ભણતી વખતે, નકશામાં બ્રહ્મ ક્યાં છે એ જોવા માટે બ્રહ્મનું જ ઘાસલેટ મેં વાપરેલું. તે દિવસથી વિચાર કરતો આવ્યો છું કે, 'દુનિયાભરના પદાર્થો ભેગા કરવાનું માણસને શી રીતે સૂઝ્યું હશે? દીવાસળીનું લાકડું સ્વીડનના જંગલમાંથી આવે છે. ફ્રાનસ ઑસ્ટ્રિયા અને જર્મનીથી. અંદરનું ઘાસલેટ કાસ્પિયન સમુદ્રને કિનારેથી. બત્તી વિલાયતથી. નકશો બ્રિટનથી. ચોપડીનો કાગળ કદાચ ઇટલીથી. આટલો સરંજામ ભેગો થાય ત્યારે મારું વાચન ચાલે!' તે વખતે આ સ્થિતિ કફોડી લાગી ન હતી, પણ અંગ્રેજોના ઉદ્યમનું અને પોતાના ભાગ્યનું હું કૌતુક જ કરતો હતો.

અહીંના જંગલનાં ઇમારતી લાકડાં, ખેતરમાંના ચોખા, ખાણમાંનાં માણેક, અને પૃથ્વીના પેટમાંના ઘાસલેટ એ બધાંને કારણે પ્રાચીન બ્રહ્મદેશ, સાવ ઉઘાડો પડ્યો છે. રસ્તા પરની આંબલીને જેમ પથરા અને લાકડીઓ ખાવી પડે છે તેવી બ્રહ્મદેશની દશા થઈ છે. બ્રહ્મદેશ ગોરાઓને માટે ગોળની ગાગર જેવો થઈ પડ્યો છે. હિંદુઓ જેમ સામાજિક ક્ષેત્રમાં ગોરાઓને દૂર રાખે છે તેવું બ્રહ્મી-ઓનું નથી. અહીં તો ગોરાઓ બ્રહ્મદેશમાં પરણી પણ શકે છે. સાંભળ્યા પ્રમાણે કેટલાક ગોરાઓ આ દેશ છોડીને જ્યારે પાછા જાય છે ત્યારે પોતાની બ્રહ્મી સ્ત્રીને અને એના બાળકોને થોડાક પૈસા આપીને અહીં જ છોડી જાય છે!

૧૧

યેનનજાંવ

સાંજે અમારે જમવું ન હતું. ચાંદની રાત હતી એટલે અમે ગામમાં ફરવા નીકળ્યા. ત્યાં એક નાનકડી ટેકરી પર એક બૌદ્ધ મંદિર જોયું. મંદિરમાં લાકડાનું કોતરકામ અસાધારણ સુંદર હતું. અહીંના શિલ્પીઓ પુરાણકારની પ્રતિભાવાળા હોવા જોઈએ. એક થાંભલા પર હાથીના મોઢાવાળું એક પક્ષી કોતરેલું હતું. બીજા પણ આવા અનેક સંકરો અહીં જણાયા. ટેકરી પરથી ચાંદરણામાં આસપાસનું દૃશ્ય જાદુઈ લાગતું હતું; જાણે નવલકથાના કોઈ અપૂર્વ મુલકમાં મંતરેલા ઘોડા પર બેસીને આવ્યા હોઈએ.

પાછા આવતાં એક બૌદ્ધ મઠ દેખાયો. બારીમાંથી અમે ડોકિયું કર્યું. કેટલાક બૌદ્ધ સાધુઓ રાગડા તાણીને સંધ્યાકાળની પ્રાર્થના કે એવો જ કંઈક વિધિ કરતા હતા. જીવતરામને એમાં રોમન કૅથલિક પૂજાવિધિનું સામ્ય દેખાયું. પછી તો અમે ખ્રિસ્તીધર્મ અને બૌદ્ધધર્મના સંબંધ પર ઊતર્યા. ગિરધારી વચમાં વચમાં કેટલાક સવાલો પૂછતો હતો. પણ જેમ વાંચતી વખતે આંખની પાંપણો હાલે તોયે વાંચવામાં ખંડ પડતો નથી તેમ ગિરધારીના સવાલોથી

અમારી ચર્ચામાં વિક્ષેપ થતો નહિ. બુદ્ધ ભગવાને પોતાના શિષ્યોને ચારે દિશામાં જઈને કલ્યાણના માર્ગનો ઉપદેશ કરવાની આજ્ઞા કરી હતી. અશોકે બૌદ્ધ ભિક્ષુઓને દૂર દૂરના દેશો સુધી મોકલ્યા હતા. લંકા, બ્રહ્મદેશ, સત્યપુત્ર વગેરે આ બાજુના, અને કાંબોજ, ફારસ વગેરે પશ્ચિમ તરફના દેશોમાં અંતિઓકના રાજ્ય સુધી બૌદ્ધ ભિક્ષુઓ પહોંચ્યા હતા. એસીની પંથ ઉપર બૌદ્ધધર્મની અસર સ્પષ્ટ છે. અને જો એસીની પંથમાંથી ખ્રિસ્તીધર્મે ઘણું લીધું હોય તો તો ખ્રિસ્તીધર્મ બૌદ્ધધર્મનો પ્રશિષ્ય કહેવાય. ઈશુની પ્રેમમય અહિંસાવૃત્તિ, એની પરલોકપરાયણતા અને એનો ગૂઢવાદ આપણને જરાયે અપરિચિત નથી લાગતાં. એનું કારણ શું એ હશે કે આર્ય ભાવનાની જ એ એક સ્વતંત્ર વસાહત છે? મિ. એકૂઝને પણ લાગે છે કે બૌદ્ધ અને ખ્રિસ્તીધર્મનાં સંબંધ અને સાધર્મ્ય આકસ્મિક નથી.

અથવા એમ પણ હોય કે ખુદાપરસ્ત પેગંબરો બધા જે કહે છે તે તત્ત્વતઃ એક જ હોય છે, પણ દરેક સમાજના માણસો એને પોતાની રીતે સ્વીકારી શકે છે. માટે એ પેગંબરો જ્યારે પોતાના દેશ અને સમાજની પ્રાચીન માન્યતાઓ અને વિધિઓને વશ થાય છે, અને એ બધી વસ્તુઓ પણ પોતાના ધર્મમાં ભેળવે છે ત્યારે જ જુદાઈ ઉત્પન્ન થાય છે. પણ આ બે તત્ત્વો જુદાં કોણ પાડી શકે? બહિસ્ત, દોઝખ, કયામત અને ફરિશ્તાની વિષેની માન્યતાઓ કોરે મૂકવી ઇસ્લામને પાલવે? છતાં આપણને તો મહમદ સાહેબની અનન્ય ખુદાપરસ્તી અને યતીમો પ્રત્યેની દાઝ, એમનું અલઅમીનપણું, એ જ અત્યંત આકર્ષક લાગે છે.

બૌદ્ધ સાધુઓની પ્રાર્થના પૂરી થઈ. અને અમારી ચર્ચા પણ ત્યાં જ અટકી. બ્રહ્મદેશમાં મુસલમાનો સારી સંખ્યામાં છે. હિંદુઓની પેઠે તેઓ અહીંના લોકોથી અલગ નથી રહેતા. બ્રહ્મી લોકો જોડે એમનો રોટીબેટી-વહેવાર ચાલે છે.

પાશ્ચાત્ય પોશાક પહેરવાથી જેમ આપણી ચામડી પાશ્ચાત્ય થતી નથી, તેમ પાશ્ચાત્ય વેપારના અર્થશાસ્ત્રના સકંજામાં સપડાવાથી અને પાશ્ચાત્ય કેળવણીમાં તરબોળ થવાથી પણ આપણી જીવન પ્રત્યેની નિષ્ઠા (view) અને આપણો હૃદયધર્મ સાવ બદલાતાં નથી. ઘાસલેટનું આવડું પ્રચંડ કારખાનું અહીં ચાલે છે, દેશદેશાંતરના વેપારીઓ જ નહિ પણ મજૂરો પણ આવીને અહીં રહે છે, શરાબ પીને કોક વાર તોફાન કરે છે, છતાં બ્રહ્મદેશનું રૂડું જીવન જરાયે ઊનું થતું નથી. જૂની આબાદી નષ્ટ થશે, પેટ ભરવાના સાંસા પડશે, દારૂનાં પીઠાં અને ચૂંટણીના દારૂ ગામડે ગામડે પહોંચશે, જૂના રિવાજો બદલાશે, વર્ણસંકરથી સામાજિક કાયદામાં પણ ફેરફાર કરવો પડશે, અને છતાં બ્રહ્મદેશનું બ્રહ્મીપણું કાયમ જ રહેશે — એમ અહીંના મઠનો ઘંટ ફરી ફરી સંભળાવતો હતો.

હિંદુસ્તાનમાં પરરાજ્ય, દુકાળ અને રોગો છે ત્યાં-સુધી મિશનરીઓને આ દેશમાં સ્થાન છે, એ જેટલું સાચું છે તેટલું જ એ પણ સાચું છે કે, જ્યાં સુધી બ્રહ્મી લોકોને કેળવણીની જરૂર છે ત્યાં સુધી બૌદ્ધધર્મ એ દેશમાં રહેવાનો જ; કેમકે બૌદ્ધ પુંગીઓ એ બ્રહ્મી સમાજનું ખમીર છે. જ્ઞાતિના અભિમાનથી જેમ હિંદુસ્તાનના

બ્રાહ્મણો પોતાનું કર્તવ્ય ભૂલ્યા છે તેમ બ્રહ્મદેશના પુંગીઓ હજી ભૂલ્યા નથી. પુંગીઓ સવારે ઊઠીને પોતાનાં કષાય ચીવર પહેરીને વહોરવા જાય છે. વિશિષ્ટ આકારનાં પોતાનાં ભિક્ષાપાત્રો બે હાથે પેટ પાસે પકડી શાંતપણે તેઓ ઘેર ઘેર હારબંધ જાય છે, જે ખાવાનું મળે તે ખાય છે. એમની આંખમાં આપણે ત્યાંના ગોરની લોભી નફટાઈ નથી દેખાતી. પિંડપાત પછી તેઓ આખો વખત અધ્યયન અને અધ્યાપનમાં ગાળે છે. આપણે ત્યાંના ગૃહસ્થાશ્રમી બ્રાહ્મણો અને અબ્રાહ્મણ સંન્યાસીઓ ઘણી વાર ધર્મ ઓળખતા જ નથી. પોતાનું જીવન સમાજની ધર્મસેવા માટે છે એ વાત જ તેમણે વિસારી મૂકી છે. બ્રહ્મદેશના પુંગીઓ બધા ધર્માવતાર છે એમ કહેવાનો આશય નથી; પણ એ સંસ્થા હજી પોતાનો ધર્મ અને પોતાની પ્રતિષ્ઠા ભૂલી નથી એટલું જ કહેવાનો આશય છે.

મંડાલેમાં જ અમે જોયું હતું કે છોકરાઓ જરા મોટા થાય કે પુંગીઓના મઠમાં ભણવા જાય છે. આપણે અહીં જેમ બ્રાહ્મણનો દીકરો અમુક ઉંમરનો થયો એટલે જનોઈ લઈને દ્વિજ બને છે, તેમ બ્રહ્મદેશનો બૌદ્ધ બાળક સંસ્કાર લઈ પ્રથમ પુંગી એટલે સંન્યાસી થાય છે. આપણે ત્યાં જેમ છોકરાને પરણાવી દેવાની પોતાની ફરજ છે એમ માબાપ સમજે છે, તેમ બૌદ્ધ સામાજિક આદર્શ નક્કી કરે છે કે દીકરાને નિર્વાણનો એટલે કે ત્યાગવૈરાગ્યનો રસ્તો બતાવવો એ માબાપની મુખ્ય ફરજ છે. છોકરો પુંગી થઈને વિદ્યાધ્યયન કરે છે. પછી એને મોક્ષધર્મ પર શ્રદ્ધા દૃઢ થાય તો એ કાયમનો પુંગી થઈ જાય છે; નહિ તો સ્વેચ્છાથી

એ ગૃહસ્થધર્મ સ્વીકારે છે. પરણાવવાની જવાબદારી માબાપની નથી. માબાપે તો ધર્મનો ઉત્કૃષ્ટ માર્ગ દીકરાને બતાવી દીધો.

આપણે ત્યાંનો સામાજિક આદર્શ આથી જુદો છે. ગતાનુગતિક ગૃહસ્થધર્મમાં દીકરાઓને દાખલ કરવાની ફરજ માબાપની ગણાય છે. એનો ઇનકાર કરી નૈષ્ઠિક બ્રહ્મચર્ય લેવું અથવા ગૃહસ્થધર્મમાંથી બહાર નીકળી સંન્યાસ લેવો, એ તે તે વ્યક્તિના સંકલ્પ અને પુરુષાર્થ પર છોડવામાં આવે છે. आश्रमादाश्रमं गच्छेत्. જેવો અધિકાર તેવું સ્થાન માણસ લેશે. અધિકાર વગર સંન્યાસની દીક્ષા આપવી એ તો અધઃપાતને નોતરવા જેવું છે. એક વાર પગલું ભર્યા પછી પાછા ફરાય જ નહિ. એમાં ચારિત્રહાનિ છે. ભલે ધીમે ચાલો, પણ પાછી પાની ન કરો. અસંખ્ય લોકો જે રસ્તે નથી જઈ શકતા તે રસ્તાની દીક્ષા આપવી એમાં યથાર્થતા કેટલી?

બંને દૃષ્ટિનો અંતિમ ઉદ્દેશ એક જ છે. બંનેમાં વજૂદ છે. છતાં કેટલો મોટો ભેદ!

૧૨

પ્રોમ

પેનનજાંગથી પ્રોમ સુધી જઈ અમે ઐરાવતીની વિદાય લીધી. રસ્તામાં એક બંદર આવ્યું. એનું નામ યાદ નથી. ત્યાં મહાયુદ્ધના કેદીઓને રાખવામાં આવ્યા હતા. બંદર પર કેટલાક શીખ સિપાઈઓ ભેગા થયા હતા. તે પરથી અમને ખબર પડી કે કોઈ દગો ન કરે એટલા માટે અહીં ખાસ જાપ્તો રાખવામાં આવે છે.

પ્રોમમાં જોવા લાયક કશું નથી એમ અમને કહેવામાં આવ્યું. અમે પણ પાછા ફરવાને કંઈક અધીરા થયા હતા. અમારા ગૃહપતિએ રાત્રે અમને પ્રોમના રસ્તા અને બજાર જોવાનો આગ્રહ કર્યો. બજારના એક ભાગમાં 'નપ્પી'ની વખારો હતી. નપ્પી એ બ્રહ્મી લોકોનો સ્વાદિષ્ટ ખોરાક છે. અમુક જાતની માછલી શેવાળમાં (લીલમાં) લપેટી જમીનમાં દાટી રાખે છે. ત્યાં તે બરાબર કોહી જાય પછી એ ખાવા લાયક ગણાય છે. આ આહારને લીધે કેટલાક લોકો રોગના ભોગ થઈ પડે છે, છતાં બ્રહ્મી લોકો એનો ત્યાગ નથી કરતા! એ વખારો પાસે થઈને અમે પસાર થયા ત્યારે નાક પકડીને શ્વાસ રૂંધીને જવું પડ્યું. છતાં જે કેટલીક દુર્ગંધ મગજમાં પેસી ગઈ તે ઝટ ઊતરી નહિ. ઘણા પરદેશીઓ બ્રહ્મી લોકોને નપ્પીને કારણે બદનામ કરે છે. એ બાબતમાં બ્રહ્મી લોકોનું કહેવું શું છે તે આપણે જાણતા નથી. એક હિંદી

ભાઈએ કહ્યું, 'જો આપણે કોઈ બ્રહ્મીની પડોશમાં રહેતા હોઈએ અને એ ઘરમાં ઘીમાં કંઈ તળીએ તો એ 'દુર્ગંધ' બ્રહ્મીથી સહી જાય નહિ. પડોશી ભલો ધીરજવાળો હોય તોયે આવે પ્રસંગે ધીરજ ખોઈ બેસવાનો, અને આપણને ઓછામાં ઓછા બેચાર બોલ સંભળાવી જવાનો.' भिन्नरुचिर्हि लोकः। બીજું શું ?

આ બધી સાંભળેલી અને વાંચેલી વાતો છે. મુસાફરો પ્રાચીન કાળથી દેશદેશાંતરને બદનામ કરતા આવ્યા છે. ગ્રીક ગ્રંથકારો જુઓ કે માર્કો પોલોનાં પ્રવાસવર્ણનો વાંચો, આપણા સંસ્કૃત ગ્રંથોને પૂછો કે મિશનરીઓનાં બયાનો તપાસો, પરદેશ વિષે બેજવાબદાર વિધાનો કરવામાં દરેક જણને સરખો રસ છૂટે છે. જેણે બંધુભાવ કેળવવો જોઈએ, જે સંસ્કારના વિનિમયનો એલચી છે, સંધિકારી પ્રેષિત જેવી જેની પદવી તે જ જ્યારે પોતાનું મહત્ત્વ વધારવા અને શ્રોતાઓનું કુતૂહલ તૃપ્ત કરવા ગેરસમજ પેદા થાય એવાં વર્ણનો લખે છે અથવા કાલ્પનિક બીનાઓ જોડી કાઢે છે ત્યારે દુઃખ સાથે કહેવું પડે છે કે, સંસ્કૃતિનું મુખ્ય સાધન અસંસ્કારી લોકોના હાથમાં જઈ શાપરૂપ નીવડ્યું છે. કોઈ પણ દેશની સંસ્કૃતિ, એની માન્યતાઓ, ત્યાંની રહેણીકરણી, એ બધું જાણવા અને તપાસવા માટે તે દેશનો લાંબો પરિચય હોવો જોઈએ. અને પરિચય તો પ્રેમ વગર, સમભાવ વગર સંભવે જ નહિ.

તે જ રાત્રે અમે પ્રોમ છોડ્યું. ગાડી મોડી ઊપડવાની હશે. અમે વહેલા જઈ ટ્રેનમાં સૂતા. સૂતાં સૂતાં અર્ધી ઊંઘમાં ટિકિટ કલેક્ટર અને ગાર્ડ વચ્ચેનો સંવાદ મેં સાંભળ્યો. અમારો ડબ્બો પહેલો હોવાથી એંજિનને જોડેલો હતો.

'તમે જાણતા નથી કે માણસોને બેસવાનો ડબો એંજિન સાથે જોડાય નહિ?'

'એમાં શું બગડયું?'

'એ કાયદાથી વિરુદ્ધ છે. કાયદામાં લખ્યું છે કે એંજિન અને મુસાફરો વચ્ચે માલના ડબા રાખવા જોઈએ. કંઈ અકસ્માત થાય તો માલના ડબા ભલે તૂટે, માણસો તો બચી જાય.'

'અરે જાઓ, એમ કંઈ રોજ તે અકસ્માત થતા હશે?'

'ત્યારે શું અકસ્માતો કહીને આવતા હશે.?'

સંવાદ બહુ લાંબો ચાલ્યો. તોફાની સમુદ્રમાં મુસાફરી કરતાં પણ જે શંકા મારા મનમાં ન આવી તે આ સંવાદથી ચોટી. ઊંઘ બગડી. હું વિચાર કરવા લાગ્યો. આના કરતાં છેલ્લા ડબામાં બેસી ગયા હોત તો કેવું સારું! ના, એ પણ બરાબર નહિ. એનો અર્થ એટલો જ કે મારા કરતાં બીજા કોઈનો જીવ જોખમમાં પડ્યો હોત તો કેવું સારું? આવો આંધળો સ્વાર્થ આપણને છાજે? પણ સાથે નાનો ગિરધારી છે એની જવાબદારી આપણી નથી? હશે, પણ આટલી જવાબદારીથી કાયર બનવું શોભે ખરું? માણસ ફક્ત પોતાની જાત પૂરતો જ બેફિકર રહે અને જરા સરખું બીજાનું જોખમ માથા પર હોય તો તેટલાથી વ્યવહારકુશળ કાયરતા કેળવે એનો અર્થ શો? હિંમત અને બેફિકરાઈ શું સંન્યાસી અને ફકીરોનો જ ધર્મ છે? ધર્માધર્મની મીમાંસા ઊંઘમાં ડૂબી ગઈ, અને સવારે અમે રંગૂન પહોંચ્યા.

૧૩

મીણબત્તીનું કારખાનું

હવે યેનનજાંવના ઘાસલેટનું અંતે થાય છે શું એ જાણવાની ઇચ્છા જાગી. અમારા ગૃહપતિ ડૉ. મહેતાએ તે તૃપ્ત કરવાની સગવડ કરી; એટલું જ નહિ, પણ તેઓ જાતે અમારી સાથે આવ્યા. રંગૂન નદીમાં નાનકડા વાફેરમાં બેસી અમે કારખાનાવાળા બેટમાં ગયા. વાફેરના ધક્કાથી કારખાનું બહુ આઘે હતું, એટલે કારખાનાની નાનકડી રેલવે હતી તેના પર લારીમાં બેસી અમે ચાલ્યા. અમારો સંઘ નાનોસૂનો નહોતો. ડૉ. મહેતા, એમના ત્રણ દીકરા, અણ્ણા, જીવતરામ, ગિરધારી અને હું, એટલા તો અત્યારે યાદ છે. બીજા પણ એક બે હશે. બે બાંકડા પર ગોઠવાઈ ગયા પછી વધેલા ભાઈઓ આગળ ફૂટબોર્ડ પર બેઠા. લારી ગરગર કરતી ચાલી. છોકરાઓને મજા પડી. કંઈક અંતર કાપ્યા પછી એક વળાંક આવ્યો. ત્યાં એક માણસ ઊભો હતો. એણે બૂમ પાડીને અમને ચેતવ્યા. શું છે તે જોઈએ એના પહેલાં સામેથી એક એન્જિન આવ્યું. લારી ઊભી રાખી બધા એમાંથી બે બાજુ પર કૂદી પડ્યા. હું પાછળના બાંકડા પર હતો. મારી બે બાજુ બે છોકરાઓ

અને મારા ખોળામાં નાનો મગન હતો. ઉતાવળ કરી બે બાજુના બે છોકરાઓને બાવડાં ઝાલી મેં નીચે ઉતારી દીધા, પછી મગનને પણ ઊંચકીને નીચે ઉતાર્યો. એટલામાં એંજિન આવીને લારી સાથે અથડાયું. લારીમાં હું એકલો જ રહ્યો હતો. એંજિનવાળાએ પોતાથી બની તેટલી એંજિનની ગતિ રોકી હતી. છતાં એંજિન લારી સાથે અથડાયું તો ખરું જ. મારી આગળના બાંકડાની પીઠ અને હું બેઠો હતો એ બાંકડાની પીઠ વચ્ચે મારી છાતી સપડાઈ. છાતીને સખત ચોટ લાગી. પણ તે વખતે કશું સમજાયું નહિ. બધા મારી તરફ દોડ્યા. ડૉ. મહેતા તો પોતાના મહેમાન માટે બહુ જ ચિંતાતુર થયા. મને સાજોતાજો જોઈ સૌના જીવમાં જીવ આવ્યો.

લારી ફરી ચાલી. કારખાનાને રસ્તે ઘાસલેટની મોટી મોટી ટાંકીઓ દરબારગઢ જેવી વિરાજતી હતી. કારખાનામાં મેં જોયું કે ચેનનજીવનનું ઘાસલેટ અહીં શુદ્ધ થાય છે. અતિ શુદ્ધ ઘાસલેટ તે પેટ્રોલ. યુરોપમાં યુદ્ધ ક્યારે સળગશે એ જેમ કહેવાય નહિ, તેમ આ પેટ્રોલ ક્યારે ભભૂકી ઊઠશે તે કહેવાય નહિ. યુરોપની શાંતતા અને પેટ્રોલની શીતળતા સરખી જ છે. એથી ઊતરતાં ઘાસલેટો જુદા જુદા નળમાંથી અલગ અલગ ભરાતાં હતાં. ઘાસલેટના ડબા પણ અહીં જ તૈયાર થાય છે. ઘણાં વરસથી સ્વદેશમાં દરેક સ્ટેશન પર ઘાસલેટની જે વખારો અમે જોતા આવેલા તેનું ઉગમસ્થાન જોઈ મને આશ્ચર્ય થયું. હિંદુસ્તાન જેવા મહાદેશને પ્રવાહી આગ પૂરી પાડવાનું કામ આ એક બેટ કરે છે. એની કેટલી મહત્તા!

છેલ્લે અમે ઘાસલેટની મલાઈનું અથવા મેલનું કારખાનું જોવા ગયા. એ મેલ ત્યાં વલોવાતો હતો. એમાંથી પેરેફિન, સ્ટીરિન જેવાં માખણ સ્વચ્છ થઈને નીકળતાં હતાં. જોઈને તો ખાવાનું જ મન થાય. ગંદું વેસેલિન પણ આ વલોણામાંથી જ નીકળે છે.

પાસે જ મીણબત્તીનું કારખાનું હતું. ઘાસલેટનો ધંધો મુખ્ય, ટીનના ડબાનો ધંધો એ આનુષંગિક ધંધો, અને મીણબત્તીનું કારખાનું એ જોડધંધો કહેવાય. મીણબત્તીના કારખાનામાં મિલની બહેનોનું પ્રથમ દર્શન થયું. એક મોટા ખંડમાં સંખ્યાબંધ બાઈઓ અને નાનાં છોકરાંઓ બેઠાં હતાં અને મીણબત્તી માટે વાદળી કાગળનાં ખોખાં બનાવતાં હતાં. હું નથી ધારતો કે કોઈ પણ યંત્રની ઝડપ આ મજૂરોના હાથની ઝડપ કરતાં વધારે હશે. એમના હાથ જાણે સંચાના જ ભાગ. એક ડબો અનેક માણસના હાથમાંથી પસાર થાય. આ લોકોના પગાર એમના કામ પર આપવામાં આવે છે. અમુક સો ડબા થાય ત્યારે આટલા આના મળે. શરૂઆતમાં આવા કામમાં છોકરાંઓને જરૂર મજા પડે, એનો રંગ પણ જામે. પણ હમેશને માટે એ ને એ જ કામ કરવું પડે તો માણસનું યંત્ર બની જાય. બીજા ખંડમાં એ જ કામ કરનારી બાઈઓ હતી. એમનાં મોઢાં પર કશો ભાવ દેખાતો ન હતો. જાણે હર્ષ અને શોક, આશા અને નિરાશા બંનેથી તેઓ પર થયાં હોય. ખેતરોમાં કામ કરનાર લોકો ઓછાં કષ્ટ નથી વેઠતાં. પણ ખેતીકામમાં વચ્ચે વચ્ચે વિનોદ પણ ચાલી શકે છે. અહીં વિનોદની મનાઈ નહિ હોય. પણ આવા વાતાવરણમાં માણસને વિનોદ સૂઝે ત્યારેને?

અહીં જો આટલું છે તો તો યુરોપમાં શી દશા હશે? ગરીબ બાઈઓની આવી સ્થિતિ જોયા પછી ટોમસ હૂડે 'પહેરણનું ગીત' (The Song of the Shirt) લખ્યું હોવું જોઈએ. આ રહ્યું એનું ગુજરાતી રૂપાંતર:

પરોઢે મંદિરશંખ ફૂંકાયા, ને સાંજે થયા ઘંટનાદ!
રાત ખૂટે તોય કામ ન ખૂટે! કોને દેવો મારે સાદ!

હાં'ડો આંખો ઠરી ન બેસવું ઠામ!
રાતે તોયે ઊભું કામ ને કામ!

માથું ભમે, ને અંગ ઢળી પડે, હાથે ખાલી ચડી જાય,
પાંપણે જાણે માણીકા મેલ્યા, પડળે વળે ઝાંય.

તુરંગે કેદીય નિંદર પામે!
તોયે ના છોડી મને આ કામે!

કોર ઓટું ને બોરિયાં ગૂંથું,
બોરિયાં ગૂંથું ને કાપલી સાંધું,

સાંધું, સાંધું તે મોડી રાતે કામમાં ઝોલાં આવે,
થાકેલો મારો હાથ સોણામાં કામ અગાડી ચલાવે,
—અરે! મારું કામ થાશે પૂરું ક્યારે?

કોર ઓટું ને બોરિયાં ગૂંથું,
બોરિયાં ગૂંથું ને કાપલી સાંધું,

સાંધતાં મારું હૈયું વિલાતું ને માથું લે ઘુમ્મરઘેર,
થાક્યોપાક્યો મારો હાથ તોયે ના છોડે દોરાની સેર,
—અરે! મારે દસ ખાનારાં ઘેર!

ભાઈલા! તારે બેન છે વારુ?
બેટા! તારે માડી છે વારુ?
ઘરમાં તારે છે વહુવારુ?

પહેરી ફાડે તું તે વસ્ત્ર નથી એ જાણી લે મારા બાપ !
બાંડુ તારાં જેવાં મનેખનાં એ આયખાનાં છે માપ !

—રામજી ! કાં રોટલા મોંઘા ?
લોહીમાંસ આટલાં સોંઘાં ?*

અહીંની સ્થિતિ અસાધારણ ખરાબ હતી એમ તો ન કહેવાય, પણ એ સ્થિતિનું પ્રથમ દર્શન મને અહીં થયું. મુંબઈ અને વડોદરામાં મિલો તો મેં જોઈ હતી, પણ તે વખતે કામ કરનારાઓની દુર્દશા તરફ ધ્યાન જવાને બદલે યંત્રો શોધી કાઢનારની કલ્પકતા અને આવડો મોટો વેપાર ચલાવનાર વેપારીઓની બાહોશી તરફ જ લક્ષ ચોટ્યું હતું.

ગયા હતા તેવી રીતે જ પાછા આવ્યા. માત્ર હું છાતીમાં એવડું દર્દ લઈને પાછો આવ્યો.

* શ્રી. ઉમાશંકર જોષી લિખિત.

ગાંધીજીનાં પુસ્તકો

આત્મકથા (ગુજરાતી લિપિમાં)	૧—૦—૦
,, (નાગરી લિપિમાં)	૦–૧૪—૦
ખરી કેળવણી	૦–૧૨—૦
કેળવણીનો કોયડો	૧—૦—૦
ધર્મમંથન	૦–૧૨—૦
વ્યાપક ધર્મભાવના	૦–૧૪—૦
અહિંસા	૦—૮—૦
ગોસેવા	૦—૫—૦
વર્ણવ્યવસ્થા	૦—૬—૦
અનાસક્તિયોગ	૦—૨—૦
गीतापदार्थकोष	૦—૪—૦
મંગળપ્રભાત	૦—૧—૦
આશ્રમવાસી પ્રત્યે	૦—૨—૦
'નીતિનાશને માર્ગે'	૦—૪—૦
યેરવડાના અનુભવ	૦–૧૨—૦
ગામડાંની વહારે	૦—૧—૦
હિંદ સ્વરાજ્ય (હસ્તાક્ષરમાં ખાદીનું પૂઠું)	૧–૧૨—૦
(,, સાદું પૂઠું)	૧—૪—૦
ગાંધીજીનું નવજીવન (ચાર ભાગ)	૧૧—૦—૦
ત્યાગમૂર્તિ અને બીજા લેખો	૦–૧૨—૦
ગીતાબોધ	૦—૧—૬
દ૦ આ૦ના સત્યાગ્રહનો ઇતિહાસ ભા. ૧–૨	૧–૧૨—૦

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ